શરૂઆતમાં જ્યોતિષાચાર્ય શ્રીમાન્ પંડિત શ્રી ગિરિજાશંકરભાઇએ પ્રમુખશ્રીની ઓળખાણ કરાવી, અને અન્ય સર્વે વિદ્વાનો-પંડિત મહાશયોનો પરિચય કરાવ્યો, અને પછી સભાપતિના સ્થાને શ્રીમાન્ પંડિત વયોવૃદ્ધ તપોમૂર્તિ શ્રીગણપતરામભાઇ યાજ્ઞિક ચિંતામણિ-વેદમાર્તણ્ડની વરણી કરવા દરખાસ્ત મુકી. તેને શ્રીમાન્ પુરાણીજી બાળકૃષ્ણભાઇ, શ્રી રાધાકૃષ્ણ મંદિરવાળા પંડિતજીએ ટેકો આપ્યો, અને સર્વાનુમતે તે દરખાસ્તને અનુમોદન મળતાં સભાનું કામ શરૂ થયું.

પ્રથમ જ્યોતિષાચાર્ય શ્રીમાન્ પં. ગિરિજાશંકરભાઇએ સર્વ સભાના વિદ્વાનોને સભા ભરવાનો શો હેતુ છે તે હકીકત સારી રીતે વિસ્તારથી સમજાવી હતી. શ્રીમાન્ પુરાણીજી બાળકૃષ્ણભાઇએ સમસ્ત વિદ્વાન વર્ગને આ પ્રશ્ન ઉપરવિચાર કરી, રાગદ્વેષ અને પક્ષપાત રહિત, શુદ્ધ શાસ્ત્રસંમત ન્યાય કરી નિર્ણય આપવા વિનંતિ કરી હતી.

શ્રીમાન્ પંડિતજી નાગરદાસભાઇ બ્રાહ્મણીયા એમ. એ, પ્રિન્સિપાલ, શ્રી બ્રહ્મચારીવાડી સંસ્કૃત પાઠશાળા, અમદાવાદ—એમણે લંબાણથી વિદ્વત્તાપૂર્ણ ભાષણ કરી અભિપ્રાય આપ્યો કે જગતના તથા ધર્મો અને સંપ્રદાયોના સંબંધો વિચારવા અને સમયના પરિવર્તન સાથે, શાસ્ત્ર-મર્યાદાને બાધ ન આવે તેવા સિદ્ધાન્તોનો આશ્રય લેવો જરૂરનો છે. શ્રી વલ્લભ સંપ્રદાયમાં તેમજ અન્ય સંપ્રદાયોમાં આચાર્યશ્રીને શ્રીભગવત્સ્વરૂપ માની તેઓશ્રીની આજ્ઞા સર્વોપરિ અને સર્વમાન્ય ગણાય છે, એટલે આ કણબી લોકોને શાસ્ત્ર રીતે શુદ્ધ કરાવ્યા પછી તેમને સદ્‌ગત પૂજ્યવાદ આચાર્યશ્રીએ પોતાના આશ્રીત તરીકે અપનાવી સત્સંગીઓ બનાવ્યા છે, તેમજ તેમની જ્ઞાતિના દેશ દેશાન્તરના માણસો સાથે તેમનો રોટી વ્યવહાર ચાલુ છે તો પછી જેઓ જાતિભ્રષ્ટ કે ધર્મભ્રષ્ટ થયાજ નથી તેમને સાધુ-દિક્ષા આપવામાં પ્રત્યવાય છે જ નહિ. વળી રાગ-ત્યાગના વિભાગો સમજાવ્યા અને સાધુ કોણ હોઇ શકે તે પણ સ્પષ્ટ રીતે બતાવ્યું.

શ્રીમાન્ પંડિતજી અનોપરામભાઇ સદાશિવરામ શાસ્ત્રીજી, દર્શન કેસરી, દૈવજ્ઞમાર્તણ્ડ-એમણે પણ આ સંબંધે લંબાણથી ગીર્વાણભાષામાં શાસ્ત્રીય સમાલોચના કરી, પ્રમાણો સાથે પોતાની સંમતિ વ્યક્ત કરી હતી.

મૈથિલ પં. દીનાનાથ ઝા., ન્યાય-વેદન્તાચાર્ય, પ્રધાન અધ્યાપક, શ્રી કાશીવિશ્વનાથ સંસ્કૃત વિદ્યાલય—એમણે દર્શાવ્યું કે જે સમયે ભારતવર્ષમાં બૌદ્ધધર્મ પ્રચલિત હતો અને જનતા બૌદ્ધ ધર્મમાં ઝુકી ગઇ હતી ત્યારે ભગવાન્ શ્રીમત્ શંકરાચાર્યે આવીજ રીતે તેઓની શુદ્ધિ કરી, અપનાવીને પુનઃ સનાતન ધર્મમાં લીધા હતા.

સદાચાર અને સંયમવડે શુદ્ધ થયેલા-હૃદયમાં જ્યારે ભગવદ્‌ભક્તિની તિવ્રતા જાગે છે ત્યારે તેવી સ્થિતિવાળા પુરૂષો સાધુ જ થઇ જાય છે, તેમના માટે નાત-જાતને સ્થાન ગૌણ હોય છે, તો પછી સાધુ-દિક્ષા પામેલાઓને માટે તો નાત-જાતનું અભિમાન કે અહંપણું હોય જ નહિ. તે સાધુ તો આત્મસ્વરૂપ હોઇ જ્ઞાતિબંધન સંભવતું નથી. એટલે આ શુદ્ધિ પામેલા મુમુક્ષુભક્તોને સાધુ-દીક્ષા આપવામાં શાસ્ત્ર બાધા જણાતી નથી.

પં. શ્રી ગિરિજાશંકર નાથજીભાઇ શાસ્ત્રી—પ્રધાનાધ્યાપક-રાયપુર સંસ્કૃત પાઠશાળા—એ જણાવ્યું કે આ કડવા કણબી પાટીદારો ત્રિવર્ગના પેટામાં આવી જાય છે, દેશાંતરના કડવા પાટીદારો સાથે તેમને ભોજન વહેવાર છે, ધર્મભ્રષ્ટ કે જાતિભ્રષ્ટ થયા નથી, ધ० ધુ० આચાર્ય મહારાજે શુદ્ધિ કરી પાવન કરી પોતાના આશ્રીતો તરીકે ઘણાં વર્ષોથી અપનાવેલા છે તો તેમને સાધુ-દિક્ષા આપવામાં કોઇ જાતનો વાંધો છે જ નહિ. વળી સમાજની વૃદ્ધિ થાય અને સનાતની પ્રજાનું સંગઠન દૃઢ થાય તે ઇચ્છવા જોગ છે. આ સત્તા આચાર્ય મહોદયની છે અને પોતે ગમે તેવા પતીતને પણ પાવન કરી શકે છે.

પં. શ્રી મણિશંકરભાઇ શાસ્ત્રી, શ્રીલશ્કરી પાઠશાળાવાળાએ જણાવ્યું કે આ સભાનો નિર્ણય ગીર્વાણુમાંજ થવો જોઇએ. શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને કરેલા ઉપદેશમાં શ્રીમુખે કહ્યું છે કે કોઇ મનુષ્યની અજ્ઞાને કરીને સંગદોષથી ભુલ થઇ ગઇ હોય તો તેની શુદ્ધિ કરીને પોતાના ધર્મમાં આવવાનો અધિકાર છે.

શ્રી. પંડિત વિશ્વનાથ હરિનારાયણ શાસ્ત્રી—

જ્યારે જ્યારે આપત્તિઓ આવી છે ત્યારે ત્યારે આચાર્યોએ હિન્દુ ધર્મનું રક્ષણ કર્યું છે. આ લોકો મૂળથી જ હિન્દુ સમાજમાં છે. અજ્ઞાનવશ થઇ પીરાણા ધર્મમાં માત્ર અનુરાગવાળા હતા અને પછી શુદ્ધ થઇ ધાર્મિક જીવન ગાળે છે તો તેમને સાધુ-દિક્ષા આપવામાં કોઇ રીતે બાધ નથી. ભગવાને કહ્યું છે કે ગમે તેવો પાપી અને પતીત જીવ જ્યારે શુદ્ધ હૃદયથી મારામાં મન જોડે છે, અને મને જ અનુસરે છે તો તે સાધુ થઇ ગયો છે.

શ્રી. પંડિત સોમનાથ શાસ્ત્રી—

આવા પ્રશ્નના ઉકેલ આચાર્યશ્રીથી જ થઇ શકે છે. શુદ્ધ થયેલા ને શિક્ષાપત્રી અનુસાર સાધુ દિક્ષા આપવામાં વાંધો નથી.

શ્રી. પંડિત વિશ્વંભર ઝા., વ્યાકરણ-સાહિત્ય-વેદાન્તાચાર્ય, જયેન્દ્રપુરી પાઠશાળા -

પ્રાયશ્ચિત આપીને શુદ્ધ કરી હિન્દુ ધર્મમાં લીધા છે ને ઘણા લાંબા સમયથી હિન્દુ સમાજ અને ધર્મ મર્યાદામાં વર્તે છે તેમને સાધુ દિક્ષા આપવામાં વાંધો સંભવતો જ નથી.

શ્રી. પં. ભોળાનાથ શાસ્ત્રી ઉપરના મતને સંપૂર્ણ ટેકો આપે છે.

શ્રી. પંડિતજી ગિરિજાશંકર હરિશંકર, જ્યોતિષાચાર્ય— એ જણાવ્યું કે જે જે પંડિતોએ પોતાપોતાનો મત પ્રદર્શિત કર્યો છે અને સાધક બાધક તેમજ પૂર્વપક્ષ ઉત્તરપક્ષના સિદ્ધાંતોપૂર્વક જે નિર્ણય વ્યક્ત કર્યો છે તેસાથે મારી સંપૂર્ણ સંમતિ છે. પંડિતોએ આપેલો નિર્ણય સપ્રમાણ અને વાસ્તવિક છે.શિક્ષાપત્રી મુજબ શ્રીભગવદ્‌ગીતા જેવા પ્રમાણભૂત ગ્રંથમાં સાધુની વ્યાખ્યા કરી છે તે માન્ય છે—દુરાચારનો ત્યાગ કરી જે જીવ ધર્મમાં પ્રવૃત્તિ કરી મને ભજે છે તે સાધુ હોઇ શકે છે. પૂર્વાચાર્યશ્રીએ જેમને શુદ્ધિ આપી પાવન કરી પોતાના આશ્રીતો બનાવ્યા છે, તેઓ સાધુ થવાને પૂર્ણરીતે યોગ્ય જ છે. ધર્મની સંસ્થાઓને કાળબળે કરીને આમ કરવું પડયું છે. યવનોને પણ અપનાવી લીધા છે, તો આ શુદ્ધ થયેલાઓ માટે વાંધો લઇ શકાય જ નહિ.

આચાર્યશ્રીએ પોતાની ધાર્મિક સત્તાનો વિશાળ હૃદયથી ઉપયોગ કરી દીક્ષા આપતાં જરા પણ અચકાવું ન જોઇએ. નદીના પ્રવાહમાં કચરો પણ તણાઇને આવે પણ તે મલીનતા સમુદ્રમાં પ્રવાહના બળે તણાઇ જઇ પ્રવાહનું જળ નિર્મળ થાય છે. પાપી પુરૂષો સત્સંગમાં આવી નિર્મળ થાય છે. શાસ્ત્રયુક્તિ, વ્યવહાર અને અનુભવપૂર્વક પૂર્વાચાર્યશ્રીએ આ લોકોની શુદ્ધિ કરી છે, તેમ કરવાનો આચાર્યશ્રીનો ધાર્મિક હક છે તેથી તેઓશ્રી આ લોકોને સાધુ કરી શકે છે. શિક્ષાપત્રીમાં આજ્ઞા છે કે "**विवादो नैव कर्तव्यः**" તે મુજબ આચાર્યશ્રીના આવા ઉદાર ધાર્મિક કાર્યમાં શંકા કરવાનો આશ્રીતજનોને અધિકાર જ નથી. સભામા ઉપસ્થિત થયેલા શ્રોતા સમૂહમાંથી કોઇને કાંઇ ચર્ચા કે પ્રશ્ન પુછવા હોય તે ખુશીથી પુછવા પ્રમુખ તરફથી સુચન થતાં, સદ્‌ગુરૂ શાસ્ત્રી ચૈતન્યદાસજીએ એક શંકા કરેલી તે બાબત શ્રી. પં. બાલકૃષ્ણભાઇ પુરાણીજીએ શાસ્ત્ર પ્રમાણો આપી સમાધાન કર્યું કે ચાર પાંચ પેઢીઓના પૂર્વજો હિન્દુ જાતિ અને વ્યવહારમાં રહીને પણ અજ્ઞાન અને કુસંગ દોષ વડે પીરાણા ધર્મમાં અનુરાગી થયેલા તેમના વંશજો, પીરાણા ધર્મવાળા સાથેનો બધો ખાનપાનાદિ વ્યવહાર છોડી શ્રી સ્વામિનારાયણના ધર્મ પ્રમાણે પવિત્ર જીવન ગાળે છે, ને તેમની પૂર્વાચાર્યશ્રીએ શુદ્ધિ કરી છે તો પછી સાધુ-દિક્ષા આપવામાં બાધ જ નથી. સાધુ જે થયા છે તેમને દીક્ષા લીધા પછી પોતાની જાતિ કે ગામ કે કુટુંબનું અભિમાન કે સ્મૃતિ હોવું પણ ન જોઇએ. તેની તો બ્રહ્મજાતિ છે.

શ્રીમાન્ શેઠ નંદુભાઇ મંછારામ પટેલ, સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિ સમુદાયના પ્રમુખ તરીકે જણાવ્યું કે કચ્છના બધા કડવા કણબી (પાટીદારો) અમારી જ જ્ઞાતિના છે અને જ્યારે જ્યારે અમારી જ્ઞાતિ સુધારણાની પરિષદો ભરાઇ છે ત્યારે આ ભાઇઓએ હમારી સાથે રહી ભોજન વ્યવહારમાં ભાગ લીધેલો છે. છેલ્લી પરિષદ બઇ સાલ કડીમાં ભરાઇ ત્યારે આ લોકો પણ અમારી સાથે જ હતા. ખાનપાન વગેરેનો બધો વ્યવહાર ગુજરાત, મહેસાણા, કડી, કચ્છ વગેરેના કડવા પાટીદારો સાથે

KJ 493

તેમને છે. એટી વહેવારનો સવાલ દેશ પરત્વે જુદો હોય છે. પીરાણા પંથના ઘણા કુટુંબો અમારી નાતમાં છે. સ્વામીનારાયણ ધર્મના કચ્છના કડવા કણબીઓ અમારી જ જ્ઞાતિના છે એવાં પ્રમાણપત્રો અમારી જ્ઞાતિના પ્રતિષ્ઠિત ગૃહસ્થો, જેવા કે પાટડી દરબાર સાહેબ, શેઠ લશ્કરી, વગેરેએ આપેલાં છે તે જોતાં ખાત્રી થશે.

હવે જ્યારે કડવા પાટીદારો બધાને આ સંપ્રદાયમાં સાધુ-દીક્ષા આપવામાં બીલકુલ હરકત હોતી નથી અને ઘણા કડવા પાટીદાર જ્ઞાતિમાંના સાધુઓ થયેલા હાલ પણ છે તો પછી કચ્છના અમારીજ જ્ઞાતિના કડવા કણબી પાટીદારોને સાધુ-દીક્ષા ન આપવા માટેનો દુરાગ્રહ ભૂજ મંદિરના સાધુઓ રાખે છે તે સિદ્ધાંતની દૃષ્ટિએ વાજબી નથી પણ માત્ર અંગત અને આંતર વ્યવહારના કારણે હોય તેમ લાગે છે.

પં. શાસ્ત્રી બાળકૃષ્ણ ભાઇશંકર, કચ્છના કણબી (પાટીદારો) જ્ઞાતિના કુળગોરે જણાવ્યું કે આ લોકો અમારા યજમાનો છે. તેમના પાંચ પેઢી ઉપરના પૂર્વજો પીરાણા પંથમાં હતા ને માત્ર સંગદોષથી તે પંથના અનુરાગી હતા પણ પોતાની કણબી જાતિમાંથી ભ્રષ્ટ થયા નથી. ત્યાર પછી તેમના વંશજોને પ્રાયશ્ચિત વિધિ વડે શુદ્ધિ કરાવી હિન્દુ ધર્મમાં લીધા છે ને હિન્દુ ધર્મશાસ્ત્ર વિધિ મુજબ બધી જાતના સંસ્કારો કરવામાં આવે છે. આ લોકો પવિત્ર ધાર્મિક જીવન ગુજારે છે અને શુદ્ધ આચાર વિચાર અને વ્યવહારને અનુસરે છે. તેમજ પીરાણા પંથના તેમના જ્ઞાતિબંધુઓની સાથેનો ખાનપાનાદિ તમામ વ્યવહાર તેમણે ઘણાં વર્ષોથી છોડી દીધો છે. માટે તેઓ સાધુ-દીક્ષા માટે યોગ્ય છે.

કડવા કણબી પાટીદાર જ્ઞાતિના વહીવંચા, બારોટ વગેરે બધાએ આ મહત્વની બાબતમાં પોતાની સંમતિ આપી હતી.

આ પ્રમાણે બધા પંડિતોએ શ્રુતિ-સ્મૃતિ પુરાણાદિના આધારો અને પ્રમાણો લઇ પરસ્પર શાસ્ત્રચર્ચા કરી પોતાનો નિર્ણય સર્વાનુમતે આપ્યો તેની અસલ સંસ્કૃત નકલ સહીઓ સાથેની આ સાથે સામીલ છે, તેમજ તે નિર્ણયનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે તે પણ આ સાથે રાખેલો છે.

છેવટમાં, પૂજ્ય વિદ્વદ્વર્ય સભાપતિજી શ્રીયુત વેદમૂર્ત્તિ શ્રી ગણપતરામભાઇ પોતાની વયોવૃદ્ધ અવસ્થાની અશક્તિ છતાં, સનાતન ધર્મના સ્તંભ તરીકે પોતે ઉભા થઇ સભાના કાર્યનો ઉપસંહાર કરતાં જણાવ્યું કે સનાતન ધર્મની મર્યાદાઓ સંકુચિત નથી પરંતુ ઉદારતા અને વિશાળતા ઉપર કેન્દ્રિત થયેલી હોઇ જીવ પ્રાણી માત્રના શ્રેયના માર્ગમાં આવતા અનેક અંતરાયો દુર કરી જીવને પવિત્ર કરી લે છે. વિધર્મિઓનાં ઘણાં આક્રમણો થયાં અને થાય છે છતાં સનાતન ધર્મ અચલ, અને નિર્વિકાર રહ્યો છે. પાપીને પણ પાવન કરી ધર્મ મર્યાદામાં ચલાવી ઉચ્ચ કરવો એજ સનાતન ધર્મનું ધ્યેય છે. પંડિત મહાશયોનો સમુદાય અને પૂજ્ય આચાર્ય મહોદયનાં દર્શન વડે શોભતી આ સભા ગંગા-સાગર જેવું દૃશ્ય રજુ કરે છે. આ કચ્છના કણબી હરિભક્તો પાવન છે, ધાર્મિક છે, જ્ઞાતિભ્રષ્ટ કે ધર્મભ્રષ્ટ નથી, તેમની શુદ્ધિ પણ થઇ ચુકેલી છે, આચાર્યશ્રીએ તેમને પોતાના આશ્રીતો તરીકે અપનાવી લીધા છે, તેમના હાથનું જળ, તથા ચાસણી-કોરી પ્રસાદી વગેરે વસ્તુઓ સાધુસંતો લે છે તેવો વ્યવહાર પણ પ્રચલિતજ છે તો પછી તેમને સાધુ-દીક્ષા આપવામાં કોઇ રીતે શાસ્ત્ર મર્યાદાનો બાધ છે નહિ. આ લોકોને દીક્ષા આપવાથી બીજા સાધુઓને જ્ઞાતિ ભ્રષ્ટતાનો બાધ થાય તે પ્રશ્ન અસ્થાને છે કેમકે સાધુ થયા પછી તેનો જાતિ, નાત-કુટુંબ ગામ વગેરે ટળી જઇ તે પુરૂષ બ્રહ્મરૂપ થાય છે. આત્મરૂપ થયેલાને મતે જાતિનું કે દેહનું અહંપણું કે મમત્વ રહેતુંજ નથી. પંડિત મહાશયોએ આ સભામાં જે શાસ્ત્રીય ચર્ચાઓ કરી જે અમુલ્ય નિર્ણય સર્વાનુમતે આપ્યો છે તેમાં સભાપતિ તરીકે હું મારો પોતાનો નિર્ણય ઉમેરી આ સભાને વિસર્જન કરવા ઉચિત માનું છું.

છેવટમાં, સભામાં હાજર રહેલા તમામ સત્સંગી હરિભક્તો, પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને શ્રોતાજનો તરફથી મંદિરની પાઠશાળાના પ્રધાનાધ્યાપક શ્રીયુત પંડિતજી દુર્ગાનાથજી ઝા. વ્યાકરણ-ન્યાય-વેદાન્ત-સાહિત્યાચાર્ય, એમણે ઉભા થઇ, શ્રી સભાપતિનો તથા બધા વિદ્વાન પંડિત મહાશયોનો આભાર માન્યો હતો. સર્વે પંડિત મહાશયોએ શ્રમ લઇ પોતાના કિંમતી સમયનો ભોગ આપી શાસ્ત્ર ચર્ચા અને ધાર્મિક સિદ્ધાંતોનો પ્રસાદ શ્રોતા સમૂહને આપ્યો તે માટે પ્રેક્ષક સમુદાય તરફથી બધાને અભિનંદનો આપ્યાં હતાં.

ત્યારબાદ સમગ્ર પંડિત સભા તરફથી પં. શ્રી ગિરિજાશંકરભાઇ જ્યોતિષાચાર્ય તથા પં. શ્રી બાલકૃષ્ણભાઇ પુરાણી એ ઉભા થઇ ધ૦ ધુ૦ શ્રી આચાર્યશ્રીને વંદન કરી નિવેદન કર્યું કે આચાર્ય

મહોદયને પતીત પાવન કહે છે તેઓશ્રી ગમે તેને પાવન કરી શકે તેવી સત્તા ધરાવે છે, છતાં પોતે ધર્મની ધુરાવહન કરનાર અને સનાતન ધર્મ મર્યાદાનું રક્ષણ કરનાર છે, ધર્મ માર્તણ્ડ છે જેથી શાસ્ત્ર મર્યાદાનું યથાર્થ પાલન કરવા માટે આ ધાર્મિક પ્રશ્નની સમાલોચના કરી નિર્ણય આપવાનું કાર્ય પંડિત વર્ગને સોંપ્યું તે બતાવી આપે છે કે પોતે બ્રાહ્મણો પ્રત્યે કેવી પૂજ્ય બુદ્ધિ, ઉદારતા અને સંમાન ધરાવે છે. આચાર્યોજ સનાતન ધર્મના સાચા સંરક્ષક, ઉદ્ધારક અને પ્રચારકો હોઇ શકે છે અને ભુલેલા જીવાત્માઓને માર્ગદર્શન આપનાર પણ તેઓશ્રી છે. પંડિત બ્રાહ્મણોને પોતે જે આવકાર આપ્યો છે તે માટે પંડિતો તરફથી અમો ધ૦ ધુ૦ આચાર્યશ્રીનો હાર્દિક ઉપકાર જાહેર કરીએ છીએ.

ઉપર મુજબ કાર્ય પુરૂં થયા પછી બપોરે ૧ વાગે સભા વિસર્જન થઇ હતી.

અમદાવાદ.
તા. ૭-૧૦-૪૫
રવિવાર,
સવારના ૧૦-૩૦ થી
બપોરે ૧ સુધી
ત્રણ કલાક

ગણપતપતરામ ત્રંબકરામ દ્વિવેદી
યાજ્ઞિક ચિન્તામણિ-વેદમાર્તણ્ડ.
સભાપતિ, પંડિત સભા,
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ

નવીન પ્રિન્ટરી, અમદાવાદ

KJ 494

(નિર્ણય કરનાર પંડિતોની સહીઓ)

સભા પ્રમુખ પં. દ્વિવેદી ગણપતપતરામ ત્ર્યંબકરામ યાજ્ઞિક ચિન્તામણિ-વેદમાર્તણ્ડ.
પં. શ્રી સતીશચંદ્ર ભટ્ટાચાર્ય ન્યાયાચાર્ય-તર્કતીર્થ, શ્રીબ્રહ્મચારી વાડી સંસ્કૃત પાઠશાળા.
પં. શ્રી દુર્ગાનાથ ઝા. વ્યાકરણ-સાહિત્ય-ન્યાય-વેદાન્તાચાર્ય,
પ્રધાનાધ્યાપક, શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય.
પં. શ્રી દીનાનાથ ઝા. ન્યાય-વેદાન્તાચાર્ક, પ્રધાનાધ્યાપક-શ્રી કાશીવિશ્વનાથ સંસ્કૃત વિદ્યાલય.
પં. શ્રી બ્રાહ્મણીયા નાગરદાસ એમ. એ, પ્રિન્સિપલ-બ્રહ્મચારી વાડી સંસ્કૃત પાઠશાલા.
પં. શ્રી અનૂપરામ સદાશિવ શાસ્ત્રી દર્શનકેસરી, દૈવજ્ઞમાર્તણ્ડ.
પં. શ્રી ગિરિજાશંકર નાથજી શાસ્ત્રી પ્રધાનાધ્યાપક-રાયપુર સંસ્કૃત પાઠશાલા.
પં. શ્રી સોમનાથ નીલકંઠ શાસ્ત્રી શ્રી ગોસ્વામીજી સંસ્કૃત પાઠશાલાધ્યાપક.
પં. શ્રી અનન્ત શર્મા ઉપાધ્યાય શ્રી ગોસ્વામીજી સંસ્કૃત પાઠશાલાધ્યાપક.
પં. શ્રી અભયકાન્ત ઠક્કુર મૈથિલ વ્યાકરણ-સાહિત્ય-ધર્મશાસ્ત્રાચાર્ય.
પં. શ્રી શાસ્ત્રી ચિમનલાલ જગજીવન પંડ્યા વ્યાકરણાચાર્ય, કાવ્યતીર્થ.
પં. શ્રી કેશવરામાત્મજ ભોલાનાથ શાસ્ત્રી (રાયપુર—અમદાવાદ.)
પં. શ્રી નારાયણ શાસ્ત્રી વાડીકર વેદાન્તાધ્યાપક (બ્ર૦ વાડી સંસ્કૃત પાઠશાલા)
પં. શ્રી વિશ્વંભર ઝા. વ્યાકરણ-સાહિત્ય-ધર્મશાસ્ત્રાચાર્ય, શ્રીકાશીવિશ્વનાથ સંસ્કૃત વિદ્યાલય.
પં. જોશી ગોપાલ શાસ્ત્રી પુનાવાસી
પં. શ્રી રામકૃષ્ણ ઝા. જ્યોતિષાચાર્ય, શ્રી કાશીવિશ્વનાથ સંસ્કૃત વિદ્યાલય.
પં. શ્રી સત્યદેવ મિશ્ર વ્યાકરાણાચાર્ય, શ્રી બ્રહ્મચારી વાડી સંસ્કૃત વિદ્યાલય.
પં. શ્રી વાસુદેવ ત્રિવેદી સાહિત્યાચાર્ય, શ્રી બ્રહ્મચારીવાડી સંસ્કૃત વિદ્યાલય.
પં. શ્રી કાન્તિલાલ યાજ્ઞિક વ્યાકારણાચાર્ય, શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય.
પં. શ્રી કાન્તિલાલ શુકલ સાહિત્ય શાસ્ત્રી, શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત વિદ્યાલય.
પં. શ્રી હિંમતરામ જાની જ્યોતિષાચાર્ય.
પં. શ્રી મણિલાલ અંબાલાલ શર્મા વ્યાકરણાચાર્ય.
પં. શ્રી મોહનલાલ રણછોડજી શાસ્ત્રી
પં. શ્રી બાલકૃષ્ણ પુરૂષોત્તમ પૌરાણિક શ્રી રાધાકૃષ્ણ મંદિર,
પં. શ્રી ગિરિજાશંકર હરિશંકર જોશી જ્યોતિષાચાર્ય
પં. શ્રી જોશી નર્મદાશંકર સાંકડી શેરી.
પં. શ્રી શાસ્ત્રી મણિશંકર મગનલાલ
પં. શ્રી જોશી મણિશંકર ચકુરામ જ્યોતિષ શાસ્ત્ર માર્તણ્ડ, જ્યોતિષ સંસ્કૃત પાઠશાલાધ્યાપક.
પં. શ્રી જાની ભાઇશંકર જયશંકર કડવા પાટીદાર જ્ઞાતિના પુરોહિત
પં. શ્રી નર્મદાશંકર દર્શનશાસ્ત્રી (હજીરાની પોળ)
પં. શ્રી શાસ્ત્રી રામશંકર આદિત્યરામ
પં. શ્રી નારાયણાત્મજ હરિજીવન શુકલ યજુર્વેદાધ્યાપક.
પં. શ્રી હરિશંકર મગનલાલ શુકલ
પં. શ્રી શાસ્ત્રી ઇશ્વરલાલ શર્મા શ્રી ગીતા મંદિર પ્રધાન પંડીત
પં. શાસ્ત્રી સોમનાથ શર્મા
પં. શાસ્ત્રી લલ્લુભાઇ લક્ષ્મીશંકર શર્મા વિદ્યાશાલા, અમદાવાદ.
પં. શ્રી જ્યેષ્ઠારામ છગનરામ મ્યુનીસીપલ વકીલ, સંસ્કૃત પાઠશાલાધ્યાપક.
પં. શ્રી દેવજી નારાયણ કાશીવિશ્વનાથ
પં. શ્રી નારાયણ બાલાશંકર ત્રિવેદી
પં. શ્રી શાસ્ત્રી હરિપ્રસાદ દલસુખરામ
પં. શ્રી શાસ્ત્રી વિશ્વનાથ હરિનારાયણ
પં. શ્રી રામનન્દન ઝા. વ્યાકરણ શાસ્ત્રી.
પં. શ્રી જીવનલાલ કેશવરામ દવે
પં. શ્રી જયશંકર રણછોડલાલ પૌરાણિક
પં. શ્રી ગોર ચિમનલાલ રૂપશંકર દવે (શ્રી સ્વામિનારાયણ મંદિર પુરોહિત)
પં. શ્રી વિશ્વનાથ આનન્દરામ શાસ્ત્રી
પં. શ્રી કેશવલાલ શંકરલાલ જ્યોતિષી
પં. શ્રી આનંદશંકર મોતીરામ પૌરાણિક
પં. શ્રી રણછોડલાલ લલ્લુભાઈ જોશી
પં. શ્રી ગણપતિશંકર ભવાનીશંકર

નવીન પ્રિન્ટરી, ચાર રસ્તા, નવા દરવાજા-અમદાવાદ.

श्री हरिः

अहमदावाद
७।१०।४५

अद्य अहमदावादनिवासिनां विद्धद्धौरेयाणां सभेयं कच्छदेशवासिनां "कण्वी"ति-नामधेयतः प्रसिद्धानां (कडवा पाटीदार) द्विजविशेषाणां श्रीस्वामिनारापणसम्प्रदायप्रचलित-साधुदीक्षाप्रदानविषये निर्णयं प्रदातुमहमदावाद नगर प्रतिष्ठित श्रीस्वामिनारायणमन्दिरस्थ-धर्मपीठाधिष्ठितानां धर्मधुरन्धराणां धर्ममार्तण्डानां श्रीमतां सकलजीवनिकायकल्याणार्थ प्रकटभूत-श्री १०८ स्वामिनारायण भगवत्पादप्रवर्तित श्रीस्वामिनारायणसम्प्रदायाचार्याणां श्री १०८ देवेन्द्रप्रसाद महाराजपादानां समक्षे निर्णयति यत् कच्छदेशवासिनः "कण्वी"ति नाम्ना (कडवा पाटीदार) प्रसिद्धाः द्विजविशेषाः सत्सङ्गिनः साधुदीक्षायां योग्याः सन्ति, तेभ्यः साधुदीक्षादाने न कोऽपि शास्त्रबाधः दरीदृश्यते ।

पूर्वस्मिन् काले एतेषां पूर्वजाः पीराणाधर्मे कुसङ्गदोषेणानुरागिणः परन्तु जातितो धर्मतो वा न भ्रष्टाः पूर्वाचार्यमहाराजचरणैः अनुगृह्य पवित्रतां प्रापिताश्च सत्सङ्गिनः कृताः तत आरभ्याद्यपर्यन्तं वंशपरम्परया सत्सङ्गिनः सन्तः धार्मिकं जीवनं निर्वाहयन्ति तेन आचार्यपादानुग्रहेण शास्त्ररीत्यासाधुदीक्षां ग्रहीतुमर्हन्ति एतन्निर्विवादमिति सर्वसम्मत्या प्रकाशयति चेति ।

निर्णयकर्तारः पण्डिताः

प्रमुखः पं. द्विवेदी गणपतिराम त्र्यम्बकराम· सम्मनुते याज्ञिकशिरोमणि वेदमार्तण्डश्च

કચ્છ દેશના કડવા કણબી (પાટીદારો) જ્ઞાતિના સત્સંગીઓને સાધુ-દિક્ષા આપવા બાબતનો
અમદાવાદના અગ્રગણ્ય પંડિતોની સભાએ સર્વાનુમતે કરેલો નિર્ણય.
(સંસ્કૃતનો ગુજરાતી ભાષામાં અનુવાદ)

આજરોજ, સર્વ જીવ પ્રાણી માત્રના કલ્યાણને માટે પ્રકટ થયેલા શ્રી ૧૦૮ શ્રી સ્વામિનારાયણ ભગવાન સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અમદાવાદની ધર્મપીઠ ઉપર વિરાજમાન ધર્મધુરંધર ધર્મ માર્તણ્ડ શ્રીમદ્ આચાર્ય મહારાજ ૧૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણ કમલ સમક્ષ, શ્રી સ્વામિનારાયણના મંદિરમાં, અત્રેના અગ્રગણ્ય વિદ્વાનો-પંડિતોની સભા, કચ્છ દેશના કડવા કણબી (પાટીદાર) જ્ઞાતિના સત્સંગીઓને સાધુ-દિક્ષા આપવા બાબતનો નિર્ણય કરવા સારૂ ભરાઇ હતી.

આ સભા એવો નિર્ણય આપે છે કે કચ્છ દેશવાસી કડવા કણબી પાટીદારો વિશેષે કરીને દ્વિજ વર્ગના સત્સંગીઓ છે, અને તેઓ સાધુ-દિક્ષા આપવા યોગ્ય છે; તેથી તેમને સાધુ-દિક્ષા આપવામાં કોઇ પણ પ્રકારનો શાસ્ત્ર રીતે બાધ નથી એમ આ સભા જણાવે છે.

પૂર્વકાલમાં આ લોકોના પૂર્વજો (બાપદાદા) સંગ દોષને લીધે પીરાણા ધર્મમાં અનુ-રાગવાળા હશે, પરંતુ જાતિએ કરીને અથવા ધર્મે કરીને ભ્રષ્ટ થયેલા નથી, તેથી પૂર્વાચાર્ય મહારાજશ્રીએ અનુગ્રહ કરી તેમને પાવન કર્યા હતા, અને સત્સંગી બનાવ્યા હતા. ત્યારથી માંડી આજ દિન સુધી વંશપરંપરાથી તેઓ સત્સંગીઓ છે, અને ધાર્મિક જીવન ગાળે છે; તેથી કરીને ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીના અનુગ્રહ વડે, શાસ્ત્ર રીતે સાધુ-દિક્ષા લેવા માટે તેઓ લાયક છે એ નિર્વિવાદ છે એમ આ સભા સર્વ સંમત થઇ નિર્ણય જાહેર કરે છે.

આજ વિક્રમ સંવત ૨૦૦૧ ના આશ્વિન માસે શુકલ પક્ષની પ્રતિપદાને દિવસે આ સભાએ નિર્ણય આપેલો છે (તા. ૭-૧૦-૪૫ રવિવારે સવારના ૧૦ થી બપોરના ૧ વાગતા સુધીના ત્રણ કલાકના સમયમાં).

સભા પ્રમુખ પં. દ્વિવેદી ગણપતરામ ત્ર્યંબકરામ યાજ્ઞિક ચિન્તામણિ-વેદ માર્તણ્ડ
(આ નિર્ણયમાં સંમતિ આપે છે)

મહીને [illegible] ૨૭-૩-૭૦

		૮ રવિ	૯ સોમ	૧૦ મંગળ	૧૧ બુધ	૧૨ ગુરૂ	૧૩ શુક્ર	૧૪ શનિ	૧૫ રવિ	૧૬ સોમ	૧૭ મંગળ	૧૮ બુધ	૧૯ ગુરૂ
		૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮
૧	[illegible]	૧	૧	૧	૧	૧	૧	+	૧	૧	૧	૧	૧
૨	[illegible]	૧	૧	૧	૧	૧	૧	+	૧	૧	૧	૧	૧
૩	[illegible]	૦	૦	૧	૧	૧	૧	+	૧	૧	૧	૧	૧

		૨૯-૨ મંગળ	૩૦-૩ બુધ	૩૧-૪ ગુરૂ	૧-૫ શુક્ર	૨-૬ શનિ	૩-૭ રવિ	૪-૮ સોમ	૫-૮ મંગળ	૬-૧૦ બુધ	૭-૧૧ ગુરૂ	૮-૧૨ શુક્ર	૯-૧૩ શનિ
૧	[illegible]	૧	૧	૧	૧	૧	+	૧	૧	૧	૧	૧	૧
૨	[illegible]	૧	૧	૧	૧	૧	૦॥	૧	૧	૧	૧	૧	૧
૩	[illegible]	૧	૦	૦									
૪	[illegible]	૧	૦	૧	॥							[illegible]	

[illegible]

	૧૦-[illegible]	૧૨-[illegible]	૧૨ [illegible]	
[illegible]	૧	૧	૦૫	૨૫
[illegible]	૧	૧	૦૫	૨૫

	૧૩	૧૨ -	૧૫	૧	રૂ.	
[illegible]	૧	૧	૦૫	૨૫	૩૧	૧૧
[illegible]	૧	૧	૧	૪	૩૧	૪
[illegible]	૧	૧	૧	૩	૩૧	૩
[illegible]	૧	૧	૧	૩	૩૧	૩
[illegible]	૧	૧	૧	૨	૩૧	૨
[illegible]	૦	૦	૧	૧	૩૧	૧

શ્રી નથુભાઈ નાનજી પટેલ

KJ 496

ओ३म्

કચ્છ પ્રદેશ આર્યસમાજ, મુંદ્રાનો

તા. ૧૯-૧૨-૪૨ થી તા. ૩૧-૧૨-૪૫ સુધીનો

ત્રિવાર્ષિક વૃત્તાન્ત અને હિસાબ

[તા. ૨૫-૪-૪૬ ની સભામાં સ્વીકૃત થએલો]

મંત્રી બદ્રીનાથ શુકલ.

આ યુગના મહાન જ્યોતિર્ધર અને ક્રાન્તિકારી વેદટંકારકારી મહર્ષિ દયાનંદ સરસ્વતી મહારાજે સંવત ૧૯૩૨ ની ચૈત્ર શુકલ પ્રતિપ્રદાને દિવસે મુંબઇ ખાતે સર્વ પ્રથમ આર્ય સમાજની સ્થાપના કરી હતી, અને સમાજના સર્વ કલ્યાણ-કારી નિયમો ઘડયા હતા.

પાછલાં ૪૦ વર્ષ પહેલાં કચ્છ ખાતે આર્યસમાજના વિદ્વાન ઉપદેશકો અને વિદ્વાન મહાત્માઓએ આવીને વેદ ધર્મનો ટંકાર કર્યો હતો કચ્છ ખાતેથી દેશા-વર ખાતે પ્રવાસ કરનારા ભાઇઓ આર્યસમાજનાં પ્રગતિકારક તત્વો જોઈ તેમાં ભળેલા છે. અત્રે તેથી છૂટા છવાયા આર્યોની સંખ્યા સર્વત્ર જોવામાં આવે છે. તે સર્વનું સંગઠન થાય અને સમાજના નિયમોમાં જણાવેલા સિદ્ધાન્તોનો પ્રચાર થાય એ હેતુથી કચ્છ પ્રદેશ આર્યસમાજની સ્થાપના તા. ૧૯-૧૨-૪૨ ને દિને મુંદ્રા ખાતે કર્મવીર પં. શ્રી. આનંદપ્રિયજીને શુભ હસ્તે થઈ. એ વેળા વડોદરાનું આર્યકન્યા મહાવિદ્યાલયનું પ્રવાસ મંડળ અત્રે આવેલું હતું. મહાવિદ્યાલયની બેનોએ પોતાના કાર્યક્રમોથી સેંકડો ભાઈ બેનોમાં આર્યસંસ્કૃતિનો નવજાગૃતિ અને નવજીવનનો સંદેશો આપ્યો. આ પ્રસંગનો લાભ લઈ કચ્છમાં વસતા આર્યો એકઠા થયા અને સમાજની સ્થાપના થઈ.

ત્રણ વર્ષની ટુંકી કારકીર્દીમાં થએલા કાર્યનો વૃત્તાન્ત રજુ કરતાં અમને પ્રસન્નતા થાય છે.

કચ્છની પ્રજા અજ્ઞાન અને ભોળી છે કેળવણીનો પ્રચાર ઓછો છે. એને કારણે ઢોંગી, ધુતારા, સાધુ જેવા લોકો પ્રજાને ધૂતી ખાય છે. જ્યાં જ્યાં આવા પ્રસંગો જોવામાં આવ્યા ત્યાં ત્યાં સર્વ સ્થળે લોકોને સાવધાન કરવામાં આવ્યા હતા કચ્છમાં બહારથી જોગી ભગવાન આવેલા. ૩૦ થી ૪૦ હજાર રૂપીઆ લોકોને ઠગી તેમણે એકઠા કર્યા હતા. તે અને તેમનાં પત્ની જમીનમાં દટાઈ લોકોને ચમત્કાર બતાવતાં હતાં. એ જમીનમાં દટાવાનો પ્રયોગ સભાના મંત્રી શ્રી.

બદ્રીનાથ શુકલે પોતે કરી બતાવ્યો અને લોકોને તેમાં :રહેલા પાખંડનું ભાન કરાવ્યું. લોકોને લુંટાતા ઠગાતા બચાવ્યા. જો આ કાર્ય ન થયું હોત તો લોકો વધારે ઠગાયા હોત અને લોકો પાસેથી ગામેગામથી ખૂબ પૈસા તે લોકોએ પડાવ્યા હોત.

દિન પ્રતિદિન અબલા અને અનાથોની રક્ષાના પ્રશ્નો વધતા જાય છે. લોકોને વિધર્મી થતા બચાવવામાં આવે છે. સમાજ સમક્ષ ઉપસ્થિત થએલા અનેક પ્રસંગોમાંથી ટુંકાવેલા કેટલાક અત્રે ટાંકીશું.

૧. એક લુહાણા નવયુવકને માંડવીમાં પરધર્મી થતો બચાવી મદદ કરી યોગ્ય ધંધામાં દાખલ કર્યો છે.

૨. પરધર્મમાં એક ભાટીઆ સ્ત્રી ગએલી છે. તેનો છોકરો વટળનાર હતો. તેને બચાવી હિંદુસભા અંજારને સોપવામાં આવ્યો હતો.

૩. અનીતિના માર્ગમાંથી એક દંપતીને બચાવી લેવામાં આવેલ છે.

૪. એક વિધર્મી ગુડો એક બ્રાહ્મણ સ્ત્રીને ઉઠાવીને સિંધ લઇ ગયો હતો અને તેની દુર્દશા કરી મુકી હતી. તે રેહા ગયો ત્યારે પોલીસ તેની પાછળ પડી. તે સ્ત્રીને લઇ કાઠીઆવાડ ગયો. સ્ત્રી માંદી પડી. સ્ત્રીને પેલાએ રેહા મોકલી. છોકરાના બાપે તેને ન રાખી. તે રતનાલ ચાલીને ગઈ. ત્યાં મુસલમાન પગીએ જબરજસ્તી તેને પોતાના ઘરમાં તેની ઈચ્છા વિરૂદ્ધ બેસાડી. એક પોષ્ટમેને એ બાઇને રડતી જોઈ ખબર પૂછી અને તેના બાપ અને આર્યસમાજના મંત્રીને આ સંકટાવસ્થાની ખબર આપી. બાપ અને મંત્રી ઘટના સ્થળે પહોચી ગયા. બાઇને બચાવી. ઘણીજ મુસીબત અને મહામહેનતે બાઇને બચાવી શુદ્ધિ કરી આશ્રય આપવામાં આવ્યો.

એક સેવક નવયુવતી વિધવાને મસકાથી એક ગુંડાએ ફસાવી હજારોની મિલકત સાથે ભગાવી હતી. બાઈની સાસુએ ચોરી માટે બંનેપર વારંટ કઢાવ્યાં. માંડવીમાં કેસ ચાલી ભૂજમાં કેસ કમીટ થયો. ખબર મળતાં બાઇને જામીન પર છોડાવવામાં આવી, રક્ષણ આપવામાં આવ્યું ગુંડાએ બાઇની હજારો કોરી બરબાદ કરી હતી બાકીની રકમ બાઇને મળી. બાઈ સગર્ભા થઈ ગએલી હોવાથી તેને વડોદરા ખાતે શેઠ મનસુખલાલ વિધવા આશ્રમમાં મોકલેલી, પ્રસૂતિ પછી બાઇ કચ્છ આવી આર્યસમાજને આસરે રહી સંસ્કારી કુટુંબોએ સમાજના પ્રચારને લીધે તેને અપનાવી. તેને લીધે તેનામાં સારા સંસ્કારો પડયા ને તેના જીવનમાં પરિવર્તન થયું, અને એક બ્રાહ્મણ સાથે સમાજના આશ્રયે તેનું લગ્ન વૈદિકવિધિથી થયું. વર્તમાનમાં તે સુખી જીવન ગાળી રહી છે.

KJ 497

તા. ક. બાઇ કચ્છ પાછી આવી ત્યારે ગુંડાઓએ તેને ઉઠાવી જવાનો પ્રયત્ન કર્યો. કોર્ટમાં જાહેર થતાં ના. મુંદ્રા કોર્ટે ગુંડાના જામીન લીધા અને મામલો શાંત થયો.

આવી બેનોનાં પુનર્લગ્નોની સંમતિ પહેલેથીજ હિંદુસમાજે આપી હોત તો આવું પરિણામ ન આવત. આપણા લોકો ખાનગી ચાલતા વ્યભિચારો અને વટાળ પ્રવૃત્તિ તરફ દુર્લક્ષ રાખે છે. સ્રીઓ પુનર્લગ્ન કરે કે આન્તર જાતિય લગ્નો થાય તે વેળા આપણો સમાજ ખળભળી ઉઠે છે અને આ બાબતોનો વિરોધ કરવામાં પોતાની શક્તિઓ ખર્ચી નાખે છે. આવા અનેક પ્રસંગો અમારી સમક્ષ પડયા છે. આપણો સમાજ ચેતે એ જરૂરનું છે.

એપ્રીલ ૧૯૪૬ માં આર્યસમાજને આસરે વૈદ્ય નાનાલાલ રૂગનાથ વ્યાસ અને દેવળીઆનાં સ્રી બાઈ જમનાનું પુનર્લગ્ન થયું હતું. આ પ્રસંગમાં સેંકડો લોકોએ મુંદ્રામાં હાજરી આપી હતી. લગ્ન પછી આ જોડું પાછું ફર્યું. મીસ્રી કોમે વૈદ્યનો બહિસ્કાર કર્યો. વગર વોરંટે દેવળીઆના થાણદારે વૈદને હાથકડી લગાડી બાઇને સાથે રાખી ગામમાં ફેરવ્યાં. આ વિધવા બાઈની માએ જમના બાઇનો કબજો લેવા કોર્ટમાં અરજી કરી અને પોલીસે વૈદ્યપર વ્યભિચારનો આરોપ મુકી કેસ કર્યો. બાઇએ પુનર્લગ્ન કરેલું હોવાથી કોર્ટે ધણીને સોંપી અને પાછળથી પુરાવાને અભાવે વૈદપરનો કેસ નિકળી ગયો.

ઘણાં વર્ષોપર જુદાં જુદાં ગામોના ૫૦૦ સમા રજપૂતોની કપાયામાં શુદ્ધિ થઈ હતી. તેમાં પતરીના ઠાકોરશ્રી. ભગવતસિંહજીએ મોટો ફાળો આપેલો હતો. એ રજપૂતોએ હવે પોતાનામાં રહેલા વિધર્મી રિવાજો દૂર કર્યા છે અને પરધર્મીઓ સાથે કન્યાની લેવડ દેવડનો વ્યવહાર બંધ કરેલો છે વડાલામાં સમાઓની સારી વસ્તી છે. તેઓમાં સંસ્કાર અને શિક્ષણની સગવડ માટે આર્યસમાજે ઠા. શ્રી ભગવતસિંહજીને શુભ હસ્તે એક શાળા ખોલી હતી. ઉદ્‌ઘાટન ક્રિયામાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો. એમાં અંજારથી આર્ય-પ્રતિનિધિ સભાના સભ્યો, મુંદ્રાથી કેપ્ટન જોશી હીરજીભાઈ સાથે હનુમાન વ્યાયામશાળાના વીરો પધાર્યા હતા. વ્યાયામ વીરોના વ્યાયામ પ્રયોગો થયા હતા. મુંદ્રાથી આશા વ્યાયામ મંદિરની કન્યાઓ શ્રી ચન્દ્રજ્યોતિદેવીના સંરક્ષણમાં આવી હતી અને તેમણે પ્રયોગોના કાર્યક્રમ રજુ કર્યા હતા. કુમારી સાવિત્રી વાલજીએ ડ્રીલ વગેરે કરાવ્યું હતું. આ વેળા આશા કન્યા વ્યાયામ મંદિર દ્વારા ભરત ગુંથણનું એક કળાત્મક પ્રદર્શન પણ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. લોકોપર તેનો સારો પ્રભાવ પડયો હતો. વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને ઈનામો આપ-

વામાં આવ્યાં હતાં. આ અપૂર્વ પ્રસંગનું પ્રમુખસ્થાન ભદ્રેસરના શેઠ ગોરધનભાઈએ લીધું હતું. આ શુભ પ્રસંગે શાહ કાલુભાઈ વગેરે સારો સહકાર આપ્યો હતો.

સમાજના મંત્રીએ આ સ્કુલ માટે અંજારમાં કરેલી અપીલના ઉત્તરમાં ત્યાંના હિંદુઓએ એક વર્ષ શાળા ચલાવવા માટેની રકમ એકઠી કરી આપી હતી તે માટે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

કાઠીઆવાડની જાણીતી કન્યા કેલવણીની સંસ્થા આર્ય કન્યા ગુરુકુલ પોરબંદરની બેનો આચાર્યા સ્નાતિકા સવિતાબેન નાનજીભાઇ કાલિદાસ મહેતાની આગેવાનીમાં કચ્છના પ્રવાસે આવી હતી, અને જુદાં જુદાં સ્થળોએ કન્યા કેળવણી, અને વૈદિક ધર્મના સિદ્ધાન્તોપર તેમણે હજારોની મેદની વચ્ચે ભાષણો આપ્યાં હતાં. અને કાર્યક્રમો રજુ કર્યા હતા. ઉપરાંત મુંદ્રા ખાતે સમાજે ગોઠવણથી એક ભરેલી સભામાં સિંધ સરકારે અમરગ્રંથ સત્યાર્થપ્રકાશપર મુકેલા પ્રતિબંધ પરત્વે શ્રી. ચેતરામજી, શ્રી બદ્રીનાથજી તથા આચાર્યા સવિતાબેને ગંભીર અને વિવેચનાત્મક વ્યાખ્યાનો કર્યાં હતાં. આ સભાનું પ્રમુસ્થાન થી જયંતીલાલ રેવાશંકર વ્યાસે લીધું હતું.
કૃષ્ણ જયંતિના પ્રસંગમાં મુંદ્રામાં હળવદના એક પંડિત કર્મકાંડી વિદ્વાન આવેલા હતા. તેમણે ત્યાં શુદ્ધિ થયાની વાત જાણવાથી તેનો વિરોધ કર્યો. એટલે સમાજના મંત્રીએ સભા પૂરી થતાં પંડિતજીને ખુલાસો પુછયો. સભાના સંચાલકોએ બીજી સભામાં ખુલાસો થવાનું જણાવ્યું. બીજી મળેલી સભામાં શ્રી. બદ્રીનાથ શુક્લે શાસ્ત્રોના આધારે શુદ્ધિ શાસ્ત્ર સંમત છે તેના પુરાવા રજુ કર્યા. તે વાતનો પંડિતજીએ સ્વીકાર કરી જણાવ્યું કે શુદ્ધિ કઠક નિયમથી થવી જોઇએ.

આ દિવસોમાં આર્યસમાજનો વિશાલ પ્રચાર જોઈ સ્વામી કૃષ્ણાનંદજી યતીશ્વરે આર્યસમાજ અને સ્વામી દયાનંદજી વિરૂદ્ધ કપોલ કલ્પિત વિષમય પ્રચાર કર્યો. માંડવી અને મુંદ્રાખાતે સભાઓમાં તેમણે આર્યસમાજને શાસ્ત્રાર્થનું ચેલેંજ આપ્યું. સમાજના મંત્રીએ પત્ર વ્યવહાર કર્યો અને આ સંબંધી એક પુસ્તિકા પ્રગટ કરવામાં આવી, જેમાં સ્વામીજી સાથેનો પત્ર વ્યવહાર પ્રકટ કરવામાં આવ્યો છે. સ્વામીજીએ તેમાં ઉડાઉ જવાબો આપેલા છે.

ઉપરાંત વડોદરેથી ખાસ નિમંત્રણ મોકલીને પં. ભૂલાશંકરજી, સ્ના. રશ્મિબેન તથા સ્ના. સત્યવતીબેનને કચ્છ વ્યાયામ પ્રચારક મંડલદ્વારા વ્યાયામ શિક્ષક ટ્રેનીંગ કેપ વેળા બોલાવેલાં અને જુદાં જુદાં સ્થળોએ તેમણે વ્યાખ્યાનો આપ્યાં હતાં, અને સેંકડો લોકોએ તેનો લાભ લીધો હતો.

KJ 498

૫

કચ્છમાં પીરાણા પંથીઓની ૭૫ હજાર જેટલી મોટી સંખ્યા છે. નાતના સુધારકોએ આ પંથ છોડી દેવા સંબંધી વર્ષોથી સતત પ્રચાર કાર્ય કર્યું છે, અને અમને કહેતાં પ્રસન્નતા થાય છે કે ૩૦ હજારના ઉપરાંત ભાઇઓએ આ પંથ છોડી દીધો છે. અને એને પરિણામે અમદાવાદ પાસે પીરાણા ગામે મોકલાતો ફાળો ઓછો થયો છે. આ કાર્યમાં સ્વર્ગસ્થ નારાયણજી રામજી કંટ્રાકટર વીરાણી-વાળાએ 'પીરાણા સતપંથની પોલ' નામનું પુસ્તક લખી પહેલ કરી હતી. વર્તમાનમાં સમસ્ત કડવા પાટીદાર સનાતન સમાજના નેતા તરીકે શ્રી રતનશી ખીમજી છેલ્લાં ત્રીસ વર્ષથી આ દિશામાં તન, મન, ધનથી કાર્ય કરી રહ્યા છે. એમની સાથે નથ્થુભાઇ નાનજી, તથા શ્રી. ભીમજીભાઇ કોટડાવાળા, પણ જ્ઞાતિ સેવાનું કાર્ય કરી રહ્યા છે. આ શુભ કાર્યના પ્રચારમાં કચ્છ પ્રદેશ આર્યસમાજ ફાળો આપી રહી છે, અને આ દિશામાં વધારે કાર્ય થઇ શકે તે માટે પ્રયત્નશીલ છે.

આર્યસમાજના અંતરંગ સભાના સભ્ય બીદાણુવાળા શ્રી. બેચરલાલભાઈ પણ આ પ્રચાર કાર્યમાં ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે.

સમસ્ત હિંદુ જાતિની કચ્છ ખાતે સેવા કરવાનો યશ આર્યકુમાર મહાસભા વડોદરાને ઘટે છે. ૧૯૨૮ ઈ. સ. માં મેવલા મુસલમાન થતા હતા ત્યારે એ સભાના ઉપમંત્રી અને હિંદુસભાના કાર્યકર્તા શ્રી. ચંદ્રમણિ એ પ્રકરણની તપાસ માટે કચ્છ આવ્યા હતા અને વિધર્મી થએલા કેટલાક મેવલાની શુદ્ધિ કરી તેમને પાછા હિંદુ કર્યા હતા. તે પ્રસંગે સ્વર્ગસ્થ મહારાઓ શ્રી. મહારાજાધિરાજ ખેંગારજી બાવાની મુલાકાતનું માન તેમને મળ્યું હતું.

વારંવાર આર્યકુમાર મહાસભા વડોદરા, કચ્છ ખાતે ઉપદેશકો પ્રચાર માટે મોકલે છે તે માટે એ સભાના પ્રમુખ રાજાસા. નારાયણલાલજી પિત્તી અને મંત્રી શ્રી. પં. આનંદપ્રિયજીનો આ સભા આભાર માને છે.

આર્ય કન્યા મહાવિદ્યાલય વડોદરા તથા આર્ય કન્યા ગુરુકુલ પોરબંદરના પ્રવાસોથી સ્ત્રી વર્ગમાં સારી જાગૃતિ આવી છે અને એ બંને સંસ્થાઓમાં કચ્છની ૬૦ ઉપરાંત કન્યાઓ શિક્ષણ લઇ રહી છે. એને પરિણામે ભવિષ્યમાં અત્રેના નારી સમાજમાં આર્યસંસ્કૃતિની ભાવના રેડાશે એવી ઉમેદ છે.

અત્રે પીરાણા સિવાયના સેંકડો લોકો વિધર્મી સંસ્કૃતિને માની રહ્યા છે. તેમની શુદ્ધિ માટે મુંબઈ નિવાસી કચ્છી **શેઠ શ્રી દેવચંદ ધરમસી શેઠીઆને** વિનંતિ કરતાં તેઓશ્રીએ રૂા. ૮૦૦ આપવાનું જાહેર કર્યું છે. તે માટે તેમનો

આભાર માનીએ છીએ. આ કાર્યમાં કેટલાંક આકસ્મિક કારણોને લઇને વિલંબ થયો છે. પ્રચાર કાર્ય ચાલુ છે.

આ ઉપરાંત શેઠશ્રી **શિવજી ધરમશી શેઠીઆ કચ્છમાં** સ્વધર્મનો ખૂબ પ્રચાર થાય તે માટે ખૂબ લાગણી ધરાવી રહ્યા છે અને તનમન ધનથી આ શુભ કાર્યમાં મદદ કરે છે. પોરબંદર કન્યા ગુરુકુલના પ્રવાસની એમણે પ્રેરણા આપી હતી અને પ્રવાસમાં સહાયતા આપી હતી, તે માટે અમે તેમના આભારી છીએ.

આર્યસમાજની કાર્યવાહક કમિટિના સભ્ય ડૉ. **શ્રી. વલ્લભજીભાઇ હંસરાજ અંજાર**વાળા વેદ પ્રચારિણી સભાના ફંડમાંથી રૂા. ૧૦૦૦ નું વ્યાજ રૂા. ૩૦ પ્રતિ વર્ષે કાર્યાલયના ભાડા માટે આપે છે, અને પોતાનાં માતુશ્રીની યાદગીરીમાં રૂા. ૧૦૦૦ નું વ્યાજ રૂા. ૪૦ પ્રતિ વર્ષે પ્રચાર કાર્ય માટે આપવાનું જાહેર કર્યું છે, તે માટે તેઓશ્રીને આ સભા હાર્દિક ધન્યવાદ આપે છે.

શ્રી. માનનીય વકિલ શ્રી. રેવાશંકરભાઈ, વકિલ શ્રી. લાભશંકર, તથા વકિલ શ્રી. રતનશંકર અને શ્રી. દ્વારકાદાસ રતનજી મહેતા મુંદ્રાવાળા સામાજિક પ્રસંગોમાં કોર્ટમાં કાયદાની સલાહ આપી સભાને મદદ કરે છે તે માટે તેમની તેમજ ભૂજ નિવાસી વકીલ શ્રી. પ્રેમજી ભવાનજી તેમજ તેમની ઓફીસનો આ સભા હાર્દિક આભાર માને છે.

મુંદ્રા નિવાસી **શ્રી. રતનસી ગોરધનદાસ (કાકુભાઇ)** પણ સમાજને તનમન ધનથી સહાયતા કરે છે તે માટે તેમનો આભાર માનીએ છીએ.

મુંદ્રાખાતે સામાજિક પ્રચારના પ્રસંગોમાં શ્રી. ભાટિઆ મહાજનવાડી વાપરવા આપવા માટે તેના વ્યવસ્થાપકોનો અમે આભાર માનીએ છીએ.

શોક સમવેદનાઃ—સ્વર્ગસ્થ સોની નંદલાલ, શ્રી. ડૉ. જાદવજી ખીમજી ચોથાણી, શેઠ શ્રી તુલસીદાસ રામજી દવાવાળા, શ્રી. ઘાંચા વલમજી છગનલાલ અને ડૉ. વલ્લભજીભાઇ હંસરાજનાં માતુશ્રીના અવસાન માટે આ સભા પોતાનો શોક પ્રગટ કરે છે અને સ્વર્ગસ્થના આત્માઓને શાન્તિ ઈચ્છે છે, ને તેમનાં કુટુંબીઓ પ્રતિ હાર્દિક સમવેદના પ્રકટ કરે છે.

KJ 499

૭

તા. ૨૫-૪-૪૬ ને દિવસે નવી ચુંટણી થઈ હતી. તેમાં નીચેની કમિટિની રચના થઇ છે :—

પ્રમુખ શ્રી. જયરામ વિશ્રામ ભૂજ.
ઉપપ્રમુખ „ ડી. આર વકીલ. મુંદ્રા.
મંત્રી „ બદ્રીનાથ શુકલ મુંદ્રા.
ઉપમંત્રી / પુસ્તકાધ્યક્ષ „ ચંદ્રજ્યોતિદેવી શુકલ „
કોષાધ્યક્ષ „ વૈકુંઠરાય મૂલશંકર વ્યાસ અંજાર.

સભ્યો:—

શ્રી. જયન્તીલાલ રેવાશંકર વ્યાસ મુંદ્રા.
„ ઠાકોર ભગવતસિંહજી પતરી.
„ બેચરલાલ બિથોણુ.
„ દુર્ગાશંકર શામજી અંજાર
„ ડો. વલ્લભજીભાઈ હંસરાજ „
„ રામજી વેલજી માંડવી.
„ શિવજી કાનજી „
„ જગજીવન લાલજી જોષી „
„ નરસિંહ ખીમજી મુંદ્રા.
„ શિવલાલ લક્ષ્મીશંકર સહનવાડી.

આભાર—

અંતમાં અમે સમાજના સર્વ પ્રેમીઓ, શુભેચ્છકો અને દાનદાતાઓ તેમજ સહાયકોનો આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે તેઓ પોતાનો પ્રેમભાવ અને સહકાર ચાલુ રાખી સમાજના શુભકાર્યને આગળ વધારશે.

સર્વને નિવેદન—

કચ્છ ખાતે વિશાળ પાયાપર આર્ય સંમેલન અને સમાજનો ઉત્સવ કરવાનું નક્કી થયું છે, અને તેની તૈયારીઓ ચાલે છે. તારીખો નકકી થતાં તેની જાહેરાત કરવામાં આવશે.

શ્રી કચ્છ પ્રદેશ આર્યસમાજ, કાર્યાલય મુંદરાનો ત્રિવાર્ષિક આવક જાવકનો હિસાબઃ તા. ૧૯-૧૨-૪૨ થી તા. ૩૧-૧૨-૪૫ સુધીનો

[શ્રી કોરી ખાતું]

જ

૭૩૩। ૪॥ શ્રી રૂ. ખાતે જમા છે. રૂા. ૨૨૫) વટાવ્યા તેની ઉપજી તે જમા.

૧૬૦) કાર્યાલયના ભાડા માટે મળી તે જમા
- ૯૦) ડૉકટર વલભજીભાઈ તરફથી રૂા. ૩૦)
- ૭૦) જોશી જગજીવન લાલજી શ્રી માંડવી વાલા તરફથી = ૧૬૦)

૧૨૧૯) શ્રી વડાલા સ્કુલ માટે દાનદાતાઓ તરફથી ફંડનો આવી.
- ૧૦૧) શેઠ વેણીદાસ કેશવજી અંજાર
- ૫૧) ,, માવજી પ્રાગજી ,,
- ૫૧) ,, જીવરામ માંડણ. ,,
- ૫૧) ,, લાલજીભાઇ કચરાણી ,,
- ૫૧) ,, મોણસી આશકરણ. ,,
- ૪૧) ઠા રણછોડદાસ મેઘજી ,,
- ૩૧। શેઠ કેશવજી પરમાનંદ ,,
- ૩૧। ,, રાયસીં હીરાચંદ ,,
- ૩૧। એક સદ્‌ગૃહસ્થ હા. શેઠ ગોરધનદાસ રણછોડદાસ ,,
- ૨૬) એક સદ્‌ગૃહસ્થ હા. વલ્લભદાસ મુરારજી ,,
- ૨૫) શેઠ જાદવજી પ્રાગજી ,,
- ૨૫) ,, મુરારજી લાલજી ,,
- ૨૫) ,, સામજી રણછોડદાસ ,,
- ૨૫) ,, ઠાકરસી લાલજી ,,
- ૨૫) ,, મોતીલાલ ભગવાનજી ,,
- ૨૫) ,, મોતીચંદ રણછોડદાસ ,,
- ૨૫) ,, મુરારજી સામજી ,,
- ૨૫) ,, હરિરામ ધ્રબજી ,,
- ૨૫) એક સદ્‌ગૃહસ્થ હા. શ્રી ચોકસી ,,
- ૨૫) શેઠ લાલજી માવજી ,,

ઉ

૨૦૮॥ કાર્યાલયના અંગે મકાન ભાડાં વિગેરેના ખર્ચની

૩૫) સ્ટેશનરી ખાતે

૨૧॥ અતિથિ સત્કાર (મેગાનો)ના ખર્ચની

૧૫) શ્રીહનુમાન વ્યાયામશાળાનાં કેપ્ટન હરિ મારાજને ગ્રાન્ટ

૩૬૫)૧॥ અનાથ રક્ષા ખાતે અનાથોને આશ્રમમાં મોકલવાના તથા ભોજન વિગેરેના ખર્ચની

૯૬૩॥ ૨ શ્રીવડાલા સ્કુલ ખરચ ખાતે. સ્કુલના માસ્તરોના પગાર તથા તે અંગે થએલ ખરચ વિ. ની

૨૦૬। શ્રી શુદ્ધિ પ્રચાર અંગે ટ્રાવેલીંગ વિગેરે ખરચની

૧૮૧૫।૩॥

૩૮૭॥ ૧ શ્રીપુરાંત બાકી
- ૨૪૭॥ ૧ રોકડા
- ૬૫) જાદવજીભાઇ હા.
- ૭૫) દરબાર ભગવતસિંહજી હા.

૩૮૭॥ ૧

૨૨૦૨॥ ૪॥

KJ 500

૨૫)	શેઠ હીરજી તેજપાળ	અંજાર
૨૫)	,, ગોવિંદજી ભવાનજી	,,
૨૫)	,, દામજી વીરજી	,,
૨૫)	શેઠ મનજી ડાહ્યાભાઇ	અંજાર
૨૫)	,, લાલજી વિશ્રામ	,,
૨૫)	,, ચત્રભુજ નારણજી	,,
૨૫)	,, પ્રતાપસિંહ જેઠાભાઇ	,,
૨૫)	સાધુ રાધિકાદાસજી	,,
૨૫)	,, હરિરામ વીશરામ	,,
૨૫)	,, મણીલાલ પાનાચંદ	,,
૨૫)	,, વલભજી રતનસિંહ	,,
૧૫)	,, લધુભાઇ કાનજી	,,
૧૫)	,, રામદાસ હરીરામ સોની	,,
૧૫)	,, કેશવજી ત્રીકમજી	,,
૧૫)	,, શાંતીલાલ ચુનીલાલ	,,
૧૦)	આણંદજી જાદવજી	,,
૧૦)	,, તુલસીદાસ મુરારજી	,,
૧૦)	,, લખમસી આણંદજી	,,
૧૩૮।	વિદ્યાર્થીઓ પાસેથી ફીની આવી.	

૧૨૧૯)

૨૧૧૨। ૪॥

૨૫) વેદાંત લાલજી કુંવરજી તરફથી
૨૫) ઠા. દુર્ગાશંકર સામજી તરફથી
૫) શ્રી. ડી. આર. વકીલ તરફથી
૩૫।। આર્ય શીવલાલ લક્ષ્મીશંકર વઢા-
લાવાલા માસ્તરની પગારની બાકીની
જમા.

૨૨૦૨।।। ૪॥

શ્રી કચ્છ પ્રદેશ આર્યસમાજ કાર્યાલય: મુંદરાનો વાર્ષિક હિસાબ

[તા. ૧૯-૧૨-૪૨ થી તા. ૩૧-૧૨-૪૫ સુધીનો]

શ્રી રૂ. ખાતું

જ

૪) શ્રી. પદમસી વીરપાર વડાલાવાલા તરફથી

૧૫૦) શેઠ શ્રી. નાનજીભાઇ કાલિદાસ તરફથી

૨૫૦) શ્રીમાન શેઠ દેવચંદ ધરમસી શેઠીઆ તરફથી. શુદ્ધિ કાર્યાલય માટે રૂ. ૮૦૦) આઠસોનું વચન આપેલ તે પેટે જોઈતા રૂ. ૨૫૦) નો હવાલો તેમનાં તરફથી મળ્યો તે.

૧૭૫ાાાૅ શ્રી. ભાણુભાઇ વૈદ ટ્રસ્ટ તરફથી હા. પંડિત શ્રી. આનંદપ્રિયજી વડોદરા.

૫૦) શ્રી. રતનસી ગોરધનદાસ (કાકુભા) મુંદરાવાલા તરફથી.

૩૦) શ્રી. ડોકટર વલ્લભજીભાઈ હંશરાજ અંજારવાલા તરફથી.

૫) શ્રી. વલભજી છગનલાલ તરફથી.

૪) હીરાબેન લાલજી તરફથી.

૧૬) શ્રી સભ્ય ફી સભાસદોનાં લવાજમની.

૬૪૪ાાાૅ

ઉ

૧૫ાા અબળા રક્ષણ ખાતે

૯૫ા પ્રચાર ખર્ચ ખાતે પંડિતો ઉપદેશકો વિગેરે આવેલ તેમના એક તરફનું ભાડું વિગેરે તથા પ્રવાસ ખરચ અને પ્રચાર ખરચ વિ. ના.

૨૨૫) રૂ. ખાતે રૂ. ૨૨૫) શુદ્ધિ તથા પ્રચાર માટેના ખરચ વાસ્તે બજાર ભાવે કોરીઓ કરી તેના

૧૫) શ્રી મુદરા સ્ત્રી મંડળને ગ્રાંટના

૧) એક અનાથને મદદના

૨૪ાાૅ સ્ટેશનરી ખરચ તથા છબીઓ મઢાવી તેને અંગે થયેલ ખરચ

હા-પોસ્ટેજ ખર્ચ

૨૬ા.ૅ પેટ્રોમેક્ષ બત્તી લીધી તેના તથા કેરોસીન વિગેરેનું ખર્ચ

૩) ચાદર નં. ૧ લીધી તેનું

૯ા પુસ્તકો નં. ૭ મંગાવ્યાં તેના

૪૨૪ાાાૅ)

૨૨૦)ૅ શ્રી પુરાંત બાકી.

૧૭૫) ડો. વાઘજીભાઈ હસ્તે

૪૫)ૅ શ્રી. બદ્રીનાથ હા.

૨૨૦)ૅ

૬૪૪ાાાૅ

KJ 501

કચ્છ કાઠીઆવાડ આર્ય પ્રાદેશિક સભાના કાર્ય પ્રદેશોના આર્ય સમાજ તથા આર્યોએ જનતા સમસ્તના કલ્યાણાર્થે નીચલી અપનાવેલી નીતિની ઘોષણા કરી છે.

ઘોષણા પત્ર

(૧) **ધાર્મિક ક્ષેત્રમાં:**—(૧) આર્યસમાજના સુપ્રસિદ્ધ દશ નિયમો પૈકીના ચોથા નિયમ અનુસાર આ સભા ઘોષણા કરે છે કે પ્રત્યેક આબાલવૃદ્ધ સ્ત્રી પુરુષે સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરવા માટે સર્વદા ઉદ્યત રહેવું જોઈએ; અને સાતમા નિયમ પ્રમાણે સર્વ સાથે પ્રીતિપૂર્વક અને ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ. અત્યારે આ પ્રદેશમાં જે વિવિધ મતો તથા સંપ્રદાયો ચાલી રહેલા છે, તેના આનુયાયીઓની .કેટલીક ધાર્મિક માન્યતાઓ પ્રમાણે જે પ્રયાસ અને પ્રચારકાર્ય તેમના તરફથી થઇ રહેલ છે તેને લીધે આ પ્રદેશના પ્રજા માનસ ઉપર કેટલીક વાર જે સંકુચિત પ્રભાવ પડે છે તેમાંથી ઉત્પન્ન થતાં અનિષ્ટોને દૂર કરવા આ સભા સમગ્ર માનવજીવન અને આંતરદેશિય સંસ્કૃતિ સંસ્કરણને ઉપયોગી થાય અને પ્રજાજીવનનો સર્વાંગી ઉત્કર્ષ સાધી શકાય એવી રીતના બુદ્ધિપૂર્વકના ધાર્મિક પ્રચાર કરવાના સિદ્ધાંતને સ્વીકારે છે, અને તેજ પ્રમાણે કાર્ય કરવા માગે છે. સાથો સાથ આ સભા એમ પણ માને છે કે પ્રત્યેક સંપ્રદાયના અનુયાયીઓ પોતપોતાના મત કે સંપ્રદાય અનુસાર જે પ્રચાર કરે તે પ્રચાર સમસ્ત લોક સમુદાય અને પ્રજા જીવનના ઉત્કર્ષ વિરૂદ્ધ અથવા પરસ્પર અનુચિત કડવાશ ઉભી કરે તે રીતનો ન હોવો જોઇએ.

(૨) **સામાજિક ક્ષેત્રોમાં:**—આર્યસમાજનો દશમો નિયમ છે કે, સર્વ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમો પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ. આ નિયમ પ્રમાણે દરેક મનુષ્ય પોતાની માન્યતા પ્રમાણે અંગત જીવન તેમજ સામાજિક વ્યવહારોમાં જ્યાં સુધી તે વિષયમાં તેનો અટલ વિશ્વાસ છે, ત્યાં લગી ઇચ્છાનુસાર પોતાનું બુદ્ધિપૂર્વક વર્તન રાખી શકે છે; પરંતુ જ્યાં સમસ્ત જનસમુદાયના સર્વાંગી હિનો સાધવાના પ્રશ્નો હોય કે સ્વયંસિદ્ધ નાગરિક અધિકારો ભોગવવાના કે પ્રાપ્ત કરવાના પ્રશ્નો હોય ત્યાં કોઈ મત કે સંપ્રદાયને અનુસરનારી વ્યકિત કે પ્રજાનો કોઇ ખાસ વર્ગ પોતાના મત કે સંપ્રદાયોનાં હિતોનાં બહાનાં આગળ ધરી સર્વમાન્ય પ્રજા જીવનના ઉત્કર્ષના માર્ગમાં આડખીલીઓ કે વિઘ્નો ઉભાં કરે અથવા તેમનાં નૈસર્ગિક હિતોને હાનિ પહોંચાડે એ રીતને કોઈ પણ પ્રકારે ચલાવી લેવાશે નહિ એમ આ સભા ઘોષણા કરે છે. સાથે સાથ આ સભા સામાજિક જીવનમાં જણાઇ આવતા વર્ગ વર્ગ વચ્ચેના ઉંચ નીચના ભેદો દૂર કરી અનુચિત અસ્પૃશ્યતાનું કલંક સત્વર દૂર થાય એવી પ્રવૃત્તિઓને વેગ આપવાનો તેમજ માતૃશકિતનો સામુહિક વિકાસ, સંરક્ષણ અને સન્માન સાધવાનો અને નિરાશ્રિત વિધવા બેનોનો યથાયોગ્ય અને સમુચિત પ્રબંધ કરવાનો તેમજ આત્મરક્ષણ અર્થે યુવાનોની શારીરિક અને માનસિક સ્થિતિ સુધારવા માટે યોગ્ય ઉપાયો હાથ ધરવાનો નિશ્ચય કરે છે.

(૩) **આર્થિક ક્ષેત્રમાંઃ**—યજુર્વેદના " मा गृधः कस्य स्विद्धनम् " આ મંત્રના આદેશ અનુસાર આ સભા ઘોષણા કરે છે કે, સમુચિત પરિશ્રમથી મેળવાયલાં સુખ અને તેનાં સાધનોને કોઇપણ સંયોગોમાં ઝુટવી લેવાનો કે આવાં સુખ અને તેવાં સાધનોથી તેમને વંચિત રાખવાનો કોઇને પણ અધિકાર નથી.

આ સભા એમ માને છે કે દેશ કે પ્રજાની સર્વાંગી ઉન્નતિ માટે દરેક વ્યક્તિને તેના પરિશ્રમ અનુસાર પછી તે શારીરિક હોય કે બૌદ્ધિક હોય તેના પ્રમાણમાં અને યોગ્યતાના ધોરણે પૂરેપૂરો બદલો મળવો જ જોઇએ. અને દરેક આબાલવૃદ્ધ સ્ત્રી પુરુષને સુખશાંતિપૂર્વક જીવન ગાળવા માટે યોગ્ય મકાન, પહેરવા પુરતાં વસ્ત્રો, ખાવા પુરતાં અન્નાદિ ભોજ્ય પદાર્થો અને જીવનને અજવાળનાર જ્ઞાનપ્રાપ્તિનાં સંપૂર્ણ સાધનો મળવાં જોઇએ.

આ પ્રદેશનો મુખ્ય આધાર ખેતીવાડી, ગૌપાલન અને ગૃહઉદ્યોગોપરજ છે. જેનાં ઉત્કર્ષ, અભિવૃદ્ધિ અને સંરક્ષણ થતાંની સાથે ઔદ્યોગિક ઉન્નતિ સાધી શકાય તેવા સર્વ ઉપાયો લેવાવા જોઇએ. માટે કચ્છ, કાઠીયાવાડની આ રીતની ભાવી યુદ્ધોત્તર આર્થિક યોજનાઓમાં કોઇપણ પ્રકારના કોમી કે વર્ગીય ભેદભાવો ન રહેવા જોઈએ, એમ આ સભા પોતાનું સ્પષ્ટ મતવ્ય જાહેર કરે છે અને ઉપરના ઉપદેશોને ક્રિયાત્મક રૂપ આપવા માટે આ સભા કચ્છ, કાઠીયાવાડનાં દરેક દેશી-રાજ્યો, સત્તાધીશો, કારખાનાઓના માલિકો તેમજ ધનપતિઓને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે

(૪) **રાજનૈતિક ક્ષેત્રમાંઃ**—મહર્ષિ સ્વામી શ્રી દયાનંદજી મહારાજે "સત્યાર્થપ્રકાશ" ના છઠ્ઠા સમુલ્લાસમાં રાજ્ય વ્યવસ્થાની વ્યાખ્યા રૂપે વિસ્તારથી સમજાવેલું છે કે " રાજ્યનો અધિકાર કોઈ એકને જ રહેવો જોઇએ નહિ. પરંતુ રાજા, પ્રધાન અને પ્રજા એ ત્રણેને આધીન હોવો જોઈએ. અને એ ત્રણેની વ્યવસ્થા પણ એવા પ્રકારની હોવી જોઇએ કે, રાજાને આધીન પ્રધાન અને પ્રધાનને આધીન રાજા, તેમજ રાજા તથા પ્રધાનોને આધીન પ્રજા અને પ્રજાને આધીન રાજા તથા પ્રધાન રહે." મહર્ષિના આ માર્ગદર્શન પ્રમાણે આ સભા આ પ્રદેશના રાજાઓને અને સમગ્ર પ્રજાને અનુરોધ કરે છે કે પશ્ચિમની સંસ્કૃતિની છાપવાળું " જવાબદાર રાજતંત્ર " દાખલ કરવાની દેશીરાજ્યો ઉપર ફરજ પાડવામાં આવે તે પહેલાંજ રાજ્યને પ્રજાના હિતને ખાતર તથા ભારતીય સંસ્કૃતિની અક્ષુણ્ણ રક્ષાની દૃષ્ટિએ વહેલામાં વહેલી તકે ઉપરની ભાવના પ્રમાણેનું એકજ પ્રકારની રાજ્યવ્યવસ્થા જળવાય તેવું રાજ્યતંત્ર પોતપોતાના રાજ્યમાં ચાલુ કરવા, કરાવવાના યથાયોગ્ય પ્રયત્નો આદરે.

સૂચના-ત્યજાયલી, ફસાયલી, દુઃખી અને સંકટગ્રસ્ત બેનોને આસરો આપવાની જરૂર હોય ત્યારે, શુદ્ધિ કરાવવાની હોય કે લગ્ન કે પુનર્લગ્નો કે યજ્ઞોપવિત સંસ્કાર તેમજ યજ્ઞ હવન કરાવવાં હોય, તેમજ ઉપદેશ અને ભજનોનો કાર્યક્રમ વગેરે રાખવો હોય ત્યારે, નીચેને સરનામે લખવાથી યોગ્ય પ્રબંધ કરવામાં આવશે.

લખો : **બદ્રીનાથ શુકલ**-મંત્રી, કચ્છ પ્રદેશ આર્યસમાજ, મુંદ્રા (કચ્છ).

ટેલીફોન નાં. ૫૯ ટેલીગ્રામ "ધનવીર"

Tha. Dhanji Virji & Sons.

ઠા. ધનજી વીરજી એન્ડ સન્સ

લોખંડવાલા

લોખંડ, રંગ વારનીશ તથા હાર્ડવેરના વેપારી

કે. ટી. શાહ રોડ, કચ્છ–માંડવી. તા. ૨૦-૩-૫૦

બીલ નાં. **26353** સેલ્સ ટેક્સ નાં. એમ. એ. ૧૬૩

શેઠ

સે. ટે. નાં. હા.

ગર્ડર	૨૯૮-૮૭
ત્રીજોરી	૩-૯૪
કલીચુનો	૦-૫૦
હાર્ડબોર્ડ	
ટાઇલ્સ	૨૩૨-૫૧
ગમેલા	
જારી	
પાવડા	૨૩૨-૫૧
બાલદી	
હથોડા	
ત્રીકમ	
વીગેરે	૨૩૩-૩૦
ફાયદેથી	
મળશે.	

લેનારની સહી

ટેલીફોન નાં. ૫૯ ટેલીગ્રામ "ધનવીર"

Tha. Dhanji Virji & Sons.

ઠા. ધનજી વીરજી એન્ડ સન્સ

લોખંડવાલા

લોખંડ, રંગ વારનીશ તથા હાર્ડવેરના વેપારી

કે. ટી. શાહ રોડ, કચ્છ–માંડવી. તા. ૨૦-૩-૫૦

બીલ નાં. **26352** સેલ્સ ટેક્સ નાં. એમ. એ. ૧૬૩

શેઠ

સે. ટે. નાં. ૨૩૧-૫ હા.

ગર્ડર	૧૯૦-૦૦
ત્રીજોરી	૬૪-૦૦
કલીચુનો	૪-૫૦
હાર્ડબોર્ડ	૩-૦૦
ટાઇલ્સ	૨-૫૦
ગમેલા	૩-૫૦
જારી	
પાવડા	૩-૮૭
બાલદી	૬-૫૦
હથોડા	૧-૫૦
ત્રીકમ	૪-૦૦
વીગેરે	
ફાયદેથી	૧-૧૦
મળશે.	૨૯૮-૮૭

લેનારની સહી

KJ502

Bill No. 161 RJ 503

RAVILAL SHANKARJI GOR

રવીલાલ શંકરજી ગોર

લોખંડ, હાર્ડવેર, રંગ, પાઇપ્સ, સીમેંટ, સ્ટીલ ફર્નીચર, તથા ઇમારતી લાકડના વેપારી.

દરબારગઢ પાસે, ભુજ (કચ્છ) તા. ૨૯-૧-૧૯૬૦

શેઠ શ્રી લક્ષ્મી નારાયણ નું મંદિર

ઠેકાણું ગામ કોટડા

હા.

માલની વિગત	જથ્થો	ભાવ	કિંમત	સેલ્સટેક્ષ	જનરલ ટેક્ષ	રીટેલ સેલ્સ ટેક્ષ
સ્ક્રુ નેરફલેટ ૬।૧ ગ્રોસ	૯	૨।।	૨૨ ૮૦	૧ ૮૦		
સ્ક્રુ ૬।૧ ગ્રોસ	૧૦	૨	૨૦ ૦૦			
સ્ક્રુ ૬।૧ ગ્રોસ	૪	૧।।	૭ ૮૦			
SS ... શેર	૨।।	૪।।	૧૩ ૭૫	૦ ૭૨	૦ ૨૮	
ટોટલ			૬૩ ૭૫	૧ ૯૨	૦ ૨૮	

નોટનં ... ૦૯૯૮૮૯

૩૧ (૬૬) ૨ કોડા

રોકડ

તા. ક: વેંચેલો માલ પાછો રાખવામાં આવશે નહિ. આ બીલના નાણા અમો જ્યારે માગીએ ત્યારે આપવા પડશે.

૬૬=૦૫

૬૬=૦૫

ભુલચુક લેવીદેવી વેંચનારની સહી

શ્રી કોટડાજી [illegible] ઉત્કૃષ્ટ [illegible] મંદિર [illegible] નોંધ

KJ 504

ર ગુ અડાલજવાળા

૭૫૧, મુળજી કરસનજી [illegible] કોટડાજી

હાલ અડાલજવાળા

૪૫૧, ઉકાભાઈ શિવજી [illegible] વાળા

નારાણની મુરજી [illegible]

૯૫૧, દેવચંદ રતનશીભાઈ [illegible] વાળા

અરજણની મુરજી [illegible]

૪૫૧, [illegible] રામજી [illegible] વાળા

નારાણ ને હાર અડાલજવાળા હાર ૧

૪૦૧, મેઘજી [illegible] વાળા

નારાણ ને હાર અડાલજવાળા હાર ૨

૧૦૧, વાલજી નારાણજી વાડીવાળા [illegible] ગુજરાત

નારાણ ને હાર અડાલજવાળા હાર ૩

૨૦૧, કાનજી [illegible] ([illegible]) [illegible]વાળા

લખમણ ને હાર અડાલજવાળા હાર ૧

૨૫૧ મુરજીભાઈ ([illegible] રામજી [illegible]) [illegible]વાળા

લખમણ ને [illegible] હાર અડાલજવાળા હાર ૨

૫૧, હીરાભાઈ (રતનશી [illegible]) [illegible]વાળા

લખમણ ને [illegible] હાર અડાલજવાળા હાર ૩

૫૧, વાલુભાઈ [illegible] [illegible]વાળા

નારાણ ને [illegible] [illegible] ૧

૨૫૧, વાલજીભાઈ નારાણ વાડીવાળા [illegible]

૩૯૧૧

ભગવાનને ભાગ આવશે ૨

૩૯૨૧

૨૦૧, કાનજીભાઈ વાલજી ભાવાણી મહેતા ફળો મોટાકરાવી
ગુજરાત

ભગવાનને ભાગ આવશે ૩

૧૫૧, દેવા ધનજી નેણા વાલા નાકરાણી હાલ ધરણી દેહુર

મહાદેવ હનુમાનની મુર્તિ પધરાવવાના

૨૦૧. લખમશી ઉકા ધરીભાઈ

ભગવાનને ભાગ ૨.

૨૪૧ નાનજી હરજી વાસાણી કોટડા

ભગવાનને [illegible]

૧૫૧ વાલજીભાઈ વાલુ ઉગેડીવાળા

૪૮૬૬

[illegible]

[illegible]

[illegible]

શ્રી

કચ્છી પ્રજાકીય પરિષદ

૭ મું અધિવેશન

ભુજ

(તા. ૧-૨-૩ ડીસેમ્બર ૧૯૪૫)

:: પ્રમુખ ::

શ્રીયુત ગુલાબશંકર અમૃતલાલ ધોળકીઆનું

ભાષણ

★

ભુજ તા. ૧-૧૨-૧૯૪૫

સૂર્યકાન્ત પ્રિન્ટીંગ પ્રેસ
૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨ મધ્યે છાપ્યું છે.

KJ 506

સ્વાગત મંડળના પ્રમુખશ્રી તથા પ્રતિનિધિ બંધુઓ અને બ્હેનો,

શ્રી કચ્છી પ્રજાકીય પરિષદનાં ૭ માં અધિવેશનનું પ્રમુખસ્થાન મને આપવા માટે હું આપનો આભાર માનું છું આ સ્થાનની મહત્તા અને જવાબદારીનો હું જ્યારે ખ્યાલ કરૂં છું ત્યારે કોઇ મહાકાર્યના નિમિત્તરૂપ બનતા એક નમ્ર સૈનિકની મનોદશા અનુભવું છું. પણ હું જાણું છું કે આ માન મને નથી. પણ આ માન દેશપરદેશ વસતા પરિષદના સૈનિકો–Rank and File–ને–છે.

સ્થાનિક કાર્યકરોની વતી આ માન અને આ જવાંબદારી સ્વીકારતી વખતે એ વાતનો મને પૂરો ખ્યાલ છે કે નગરશેઠ સાકરચંદભાઇ પાનાચંદ, શ્રીયુત ગોકુળદાસભાઇ ખીમજી અને ભાઇ કાન્તિપ્રસાદ અંતાણી જેવા કચ્છના આજીવન અને અજોડ સેવકોની હાજરી છતાં આ જવાબદારી મારા પર આવી છે પણ તે દેશપરદેશ વસતા સાથીઓના ભરોસે એક સૈનિકની શ્રદ્ધાથી હું સ્વીકારૂં છું.

આ સ્થાન કચ્છી પ્રજા આપી શકે એવું મોટામાં મોટું છે એ ખરૂં, પણ તેની ગાદી મશરૂની નથી, તેનો તાજ હીરામોતીનો નથી. આપણો સંઘ શિસ્ત, સેવા અને સ્વાર્પણનો છે. એવા સંઘના સંઘપતિ બનવાનું માન એટલે શું એ હું બરાબર સમજું છું. એ દૃષ્ટિએ સ્થાનિક નેતૃત્વ પરીક્ષા પર મૂકાયું છે. અને તેની પ્રતિષ્ઠાની જવાબદારી મારા જેવા નબળાં માથાં પર આવે છે. આ જવાબદારી ઘડીભર વિચારમાં મૂકી દે એવી છે, સ્વભાવતઃ જાહેર-જીવનમાં ઉત્પન્ન થતા પ્રશ્નો પરત્વે મારૂં વલણ (Approach) રચનાત્મક રહ્યું છે. કચ્છી જનતા મને વીસ વર્ષ થયા જાણે છે. મારૂં જે કાંઇ જાહેરજીવન છે તે જાહેરની મત્તા છે. હું એટલું જ કહી શકું કે મારા પ્રત્યે બતાવવામાં આવેલ મમતા તથા રાખવામાં આવેલ આશા અને વિશ્વાસને હું યોગ્ય બનું એવી મારી પ્રભુ પાસે દીન ભાવે પ્રાર્થના છે.

શોક દર્શન

આપણે છેલ્લા મળ્યા તે પછી આજસુધીમાં કચ્છી પ્રજાને કેટલાક શોકના પ્રસંગો આવી ગયા છે. આપણા સદ્દગત્ મહારાવશ્રી ખેંગારજી સવાઇ બહાદુરનો તારીખ ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૪૨ ને રોજ થએલ સ્વર્ગવાસ, એ નૈસર્ગિક રીતે પ્રજાજીવનને અસર કરતો અને રાજકીય જીવનમાં પરિવર્તન લાવતો એક અદ્વિતીય ઐતિહાસિક બનાવ છે પણ લાગણીની દ્રષ્ટિએ તો તે એક કૌટુમ્બિક સ્વરૂપનો મહાન દિલગીરીભર્યો બનાવ છે. મોટાં માવતરો વિષે સાધારણ રીતે બને છે, તેમ જમાનાની પ્રગતિ સાથે આરૂઢ સંસ્કારોનો મેળ ન લાવી શકાય છતાં મોટાં માવતર ગુમાવવાથી જે દુઃખ અને શોકની લાગણી કુટુંબને થાય તે લાગણી કચ્છી પ્રજાએ અનુભવી છે. પ્રતિભાશાળી વ્યકિતત્વ, પ્રખર બુદ્ધિપ્રભા અને સૌજન્યમૂર્તિ સમા મહારાવશ્રી ખેંગારજીના સ્વર્ગવાસથી મધ્યકાલીન વિક્ટોરીઅન જમાનાની એ ભવ્ય અને જુનવાણી રાજસંસ્થાનો જાણે લગભગ અંત આવ્યો છે.

ત્યાર પછી મહારાણી માતુશ્રી ગંગાબા સાહેબના સ્વર્ગવાસની શોક ભરી નોંધ લેવી પડે છે.

આ બનાવો માટે સમગ્ર કચ્છી પ્રજાની જે હમદર્દી વિદ્યમાન મહારાવશ્રી પ્રત્યે છે તે હમદર્દી અને આશ્વાસન કચ્છી પ્રજાની વતી તે નામદાર પ્રત્યે માનપૂર્વક વ્યક્ત કરવાની રજા લઉં છું.

આપણા કેટલાક અગેવાનો અને સાથીઓ પણ આપણે ગુમાવ્યા છે. પરિષદના સ્થાપકો પૈકીના એક અને માંડવી પરિષદ અધિવેશનના પ્રમુખ શ્રી લક્ષ્મીદાસ રવજી તેરસી પરિષદના સ્થાપકો પૈકીના એક શ્રી. ડો. પુનશી હીરજી મહીશેરી, અંજાર અધિવેશનના પ્રમુખ જનાબ યાકુબ હુસેન, અંજાર અધિવેશનના સ્વાગતાધ્યક્ષ શ્રીયુત અમૃતલાલ લાલજી ઓઝા, પરિષદની ભુજ તાલુકા કોન્ફરન્સના પ્રમુખ ડો. મુળજી ગોવિંદજી શેઠ, પરિષદના બેનમુન કાર્યકર અને કચ્છના મુંગા સેવક ભાઇશ્રી માવજીભાઇ વેદ જેવા આગેવાનો અને સાથીઓ આપણે ગુમાવ્યા છે તેથી ન પુરી શકાય એવી ખોટ પડી છે, પરિષદની દોરવણીમાં તેમનો હિસ્સો ઘણો જ મોટો હતો.

આપણાં રાષ્ટ્રને–રાષ્ટ્રજીવનને–જેમનાં અવસાનથી શોક અને આઘાત થયાં છે તેમાં પૂ. સૌ. કસ્તુરબા ગાંધી, શ્રી મહાદેવભાઇ દેસાઈ, માનનીય બેગમ આઝાદ, શ્રી રણજીત પંડીતનાં નામનો સમાવેશ થાય છે. આ પ્રત્યેક વ્યક્તિ સ્વયં મહાન હતી પણ તેમનાં અવસાનથી અનુક્રમે મહાત્મા ગાંધીજી, આપણા રાષ્ટ્રપતિ મૌલાના અબુલકલામ આઝાદ, પંડિત જવાહરલાલ અને શ્રીમતિ વિજયાલક્ષ્મી પંડિતને જે અંગત દુઃખ પડયું છે, તેમાં કચ્છી પ્રજાની વતી માનપૂર્વક હમદર્દી જાહેર કરવાની રજા લઉં છું.

રાજ્યારોહણ

કચ્છી પ્રજાને લાગેવળગે છે ત્યાં સુધી આ વર્ષો દરમ્યાન સૌથી અગત્યનો બનાવ તે આપણા વિદ્યમાન નામદાર મહારાવશ્રીનાં રાજ્યારોહણનો છે. આ તેકે કચ્છના રાજવી અને કચ્છી પ્રજાની પરસ્પર પ્રેમ અને સેવાના ભાવ પર રચાયલી જુગજુની વફાદારી ના. મહારાવશ્રીનાં બંધારણપૂર્વકનાં રાજછત્ર નીચે જવાબદાર રાજતંત્રનાં ક. પ્ર. પરિષદનાં ધ્યેયને અનુલક્ષીને જ્યારે હું વ્યકત કરું છું ત્યારે તેનાં પરિણામે પરસ્પરનો સંબંધ વધારે પ્રેમભર્યો, વધારે માનભર્યો, વધારે દૃઢ અને વધારે ચિરંજીવી હશે એ ખ્યાલથી અને એ આશાવાદથી મારું હૃદય વધારે ઉત્સાહિત બને છે.

શહીદોને અંજલી

દેશનો સૌથી અગત્યનો બનાવ. ૧૯૪૨ ના ઓગસ્ટની ૮મી તારીખે આપણી મહાસભા સમિતિએ 'ક્વીટઇન્ડીયા'ની ઘોષણા કરતો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો. તા. ૯ મી ઓગસ્ટને રોજ આપણા આગેવાનોને સરકાર ઉઠાવી ગઇ પરિણામે દુભાએલી અને વિફરેલી જનતાએ નેતા વગરનો બળવો પોકાર્યો અને આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સમગ્ર ભારતમાં અનેક બળીદાન અપાઇ ગયાં. સ્વાતંત્ર્ય યુદ્ધનાં આ મહાપર્વમાં આપણા અનેક કચ્છી ભાઇબ્હેનોનો પણ ફાળો રહેલો છે તે જાણી આપણને અભિમાન લેવા જેવું છે. આ સ્વાતંત્ર્ય યુદ્ધના મહાપર્વમાં જેમણે કોઇપણ પ્રકારે સહન કર્યું છે તેવા તમામ વીર શહીદોને અને તે પૈકી આપણા કચ્છી ભાઇબ્હેનોને કચ્છી પ્રજા તરફથી ભાવભરી અંજલિ આપું છું.

૩

ઉડતી સમિક્ષા

હાલની પરિસ્થિતિ અને આપણાં કર્તવ્ય પર આવું તે પહેલાં આ છ વર્ષ દરમ્યાન કચ્છી પ્રજાને અને આપણી પ્રવૃત્તિને અસર કરતા જે અગત્યના બનાવો બની ગયા છે તેની ઉડતી સમીક્ષા કરવાનું મને આ પ્રસંગે જરૂરનું લાગે છે. આ છ વર્ષ દરમ્યાન મહાત્મા ગાંધીજીની રાજસ્થાનમાં ચાલતી સત્યાગ્રહની લડત બંધ રાખવાની સલાહને પરિણામે કચ્છમાં સત્યાગ્રહ ઉપાડવાનું બંધ રહેવું, તાત્કાલિક પ્રત્યાઘાત, સંવત ૧૯૯૬ નો કાળો દુષ્કાળ, વિશ્વયુધ્ધ, અને તેનાં ત્રાસજનક અંગોપાંગોની અસર, નામદાર મહારાવશ્રી ખેંગારજીનો સ્વર્ગવાસ અને લાંબી અખંડ કારકીર્દીનો અંત, વિદ્યમાન નામદાર મહારાવશ્રી વિજયારાજજી સાહેબનું રાજ્યારોહણ અને નવી કારકીર્દિ, નવા રાજકીય સુધારા, ભારત આઝાદી સંગ્રામ અને રાજસ્થાનો ગઇકાલે આ બાબતોએ ઉત્પન્ન કરેલ સંયુકત અસર નીચે આજની પરિસ્થિતિનો, અને આવતી કાલનો કર્તવ્યનો આપણે વિચાર કરવાનો રહેશે.

’૯૬ નો દુષ્કાળ

સં. ૧૯૪૦ ની પહેલી એપ્રીલ પહેલાં કચ્છી પ્રજાકીય પરિષદની પૂરપાટ વેગે ચાલતી પ્રવૃત્તિ એકાએક બંધ પડી. તે પછી શાંતિના વખત માટે ઠંડી તાકાત કેળવે એવી બીજી કોઇ યોજના વિચારાય તે પહેલાં જૂન અને જુલાઇ ચલ્યા ગયા, પણ કચ્છમાં વરસાદનું એક બીંદુ પણ પડયું નહિં. સર્વત્ર ગભરાટનું વાતાવરણ વરતી રહ્યું. અને ‘૯૬ નો કાળો દુકાળ પડયો. ધન્ય છે એ આપણા મુંબઇ વસતા દેશ બાંધવોને કે એમને હૃદયે સ્થાનિકના દેશ બાંધવોનાં દુખદર્દો સતત વસી રહ્યાં છે. તેઓ વહારે ધાયા, અને કચ્છનાં ગરીબ ભાંડુઓ અને લાખો મુંગાં ઢોરોને માટે નાણાંની નદીઓ વહેવડાવી, આ તકે તેમના પ્રત્યે કચ્છના ઋણભાવની લાગણી વ્યકત કરવાની રજા લઉં છું. આ મહાન સત્કાર્ય જેમણે જેમણે ઉપાડયું તેમનેજ યશ છે. પણ એ વાતની નોંધ લેતાં આનંદ થાય છે કે આ કાર્ય કચ્છમાં તાલુકે તાલુકે અને ગામે ગામે અમલમાં મૂકવા માટેની લગભગ સમગ્ર સેવા પરિષદ કાર્યકરોનીજ હતી એટલુંજ નહિં પણ સ્થાનિક Organization નો તમામ ભાર પરિષદના મંત્રીયે ઉઠાવ્યો હતો. આ દુષ્કાળ વખતે રાજ્યે પોતાની રીતે એકંદરે સારૂં કામ કર્યું હતું પરંતુ જો રાજ્યને ઉપરોકત પ્રજાકીય Famine Rilef કમીટી સામે સહકારથી કામ કરવામાં Prestige નો બાઉ નડયો ન હોત તો સારૂં કામ થયું હોત એ વાતની નોંધ લીધા વિના છૂટકો નથી.

યુદ્ધકાળની યાતનાઓ

યુદ્ધ કાળની યાતનાઓ તો તમામ સ્થાપિત અને મૂડીદારી હીતોનાં જગત પરના ઘોરતમ અત્યાચારોનાં એક કાળાં પ્રકરણ તરીકે જગતના ઇતિહાસમાં નોંધાઇ રહેવાની છે. બ્રીટીશ હિંદી પ્રજાએ એ યુદ્ધમાં સાથ આપવાનીના પાડી. રાજસ્થાનિ હિંદી પ્રજા બ્રીટીશ હિંદની પ્રજાથી અલગ નથી. કહેવાની જરૂર નથી કે તેનો પણ સાથ નહતો. પણ પોતાનાં વ્યક્તિગત સ્થાન ટકાવી રાખવા રાજાસાહેબોને ગુલામી દેખાવો કરવા પડયા. વસ્તુતઃ રાજ્યસ્થાનિ વિભાગ ઉપરનું વહીવટી વર્ચસ્વ પણ બ્રીટીશ હિંદી સરકારનાં લડાઇ અને રાજ્ય પ્રકરણીય ખાતાં

નીચે આવી ગયું. આવા સંયોગોમાં કચ્છરાજ્યની પોતાની લાચારી અને પોતાની પ્રજા પ્રત્યેની જવાબદારી વિચારતાં રાજ્યની સ્થિતિ ઇર્ષા કરવા યોગ્ય નહતી.

કચ્છ દેશ પોતાની લગભગ તમામ જરૂરીઆતોમાં પરાવલંબી દેશ છે. અન્ન અને વસ્ત્ર, પેટ ભરવા પૂરતો રોટલો અને અંગ ઢાંકવા પૂરતાં કપડાં પણ તે ઉત્પન કરતું નથી. આથી કચ્છની હાલત સ્હેજે સમજી શકાય એવી છે. આવા સમયમાં દેશનાં બાળકોને કમમાં કમ અન્ન અને વસ્ત્રની અને બીજી લુખી સુકી જરૂરીયાતો માટે પણ મુશ્કેલી થાય એ દેખીતું છે. કચ્છ રાજ્યની લાચારીનો ખ્યાલ રાખ્યા છતાં આવા સંયોગોમાં કેવળ ખોરાકીની ચીજો પણ શકય એટલી સરતી સારી અને સરલતા પૂર્વક મળી શકે એ માટે કચ્છ રાજ્યે પોતાની શક્તિ અને સાધન નજરે કરવું જોઇએ એ નથી કર્યું એવી મારી ફરીઆદ છે. જે દુખો અને મુશ્કેલીઓ ટાળી શકાઇ હોત અથવા તેના પ્રકાર અને પ્રમાણમાં ઘટાડો થઇ શકયો હોત એવી ઘણી બાબતો માટે કચ્છની જનતાને યાતનાઓ ભોગવવી પડી. એ રીતે કચ્છ રાજ્યે પ્રજા પ્રત્યેની આ બાબતની જવાબદારી બરાબર અદા કરી નથી એટલુંજ નહિં પણ રાજસંસ્થા તરીકેનાં સ્થાન અને હકકોનાં બાચાં એવો વર્તાવ કર્યો છે કે જેથી પ્રજાને ભોગવવું પડયું છે એવી લોકલાગણી વ્યક્ત કરવાની પણ મારી ફરજ રહેલી છે. પ્રજાજીવનના કપરાંમાં કપરા સમયે ખરૂં કર્તવ્ય પૂર્ણ રીતે નહિં બજાવવામાં હાલનાં પ્રકારનાં રાજબંધારણ અને રાજકર્મચારીઓએ પોતાનાં અસ્તીત્વની ઉપયોગીતા સિદ્ધ કરવાની જીવનની સારામાં સારી તક ગુમાવી છે.

જેમ અન્ય સ્થળે બન્યું છે તેમ કચ્છમાં પણ નફાખોર વર્ગે પ્રજામાંથી પોતાના ગરીબ બાંધવોનાં લોહીમાંથી કમાણી કરવાની નફાખોર વૃતિ છોડી ન હતી. અને તક મળે તે જવા દીધી નથી. આ પ્રમાણે દેશના કટોકટીના સમયે આમજનતા સમક્ષ સમાજના કેટલાએ વર્ગોને નગ્ન સ્વરૂપે દેખાડી દીધા છે.

યુધ્ધની યાતનાઓનો વિચાર કરતાં, આપણા બૃહત્ કચ્છના કચ્છીઓ માટે બર્મા, જાવા સુમાત્રા મલાયા વગેરે વિભાગોના આપણા કચ્છીભાઇઓએ જે સહન કર્યું છે તે માટે આપણે લાગણી ધરાવીએ છીયે. મુંબઇની એલેકઝાંડ્રા ગોદીમાં જે એકાએક ઉલ્કાપાન થયો અને માંડવીની ગોદીને લગતા વિભાગોના જે કુડચા ઉડી ગયા તેની યાદ આપણાથી કદી વિસરાય એમ નથી, આ હોનારતમાં સહન કરનારાઓનો મોટો ભાગ આપણા કચ્છી ભાઇ બ્હેનોનો હતો તેમના પ્રત્યે આપણી હમદર્દીની વાત કરતાં નોંધ લેતાં આનંદ થાય કે મુંબઇ વસતા કચ્છી ભાઇઓ અને કચ્છમાંના કચ્છીઓએ તત્કાળ રાહત માટે જે સક્રીય સેવા અને લક્ષ્મીનો ધોધ વર્ષાવ્યો છે તે ભાતૃભાવની અખંડ સાંકળથી બંધાયલી એક બહાદુર અને સ્વાયશ્રી પ્રજા તરીકે આપણને સિધ્ધ કરવા માટે બસ છે અને આવા દુખના પ્રસંગે પણ ગર્વાંકીત કરે તેવી આ હકીકત છે,

મુંબઇથી નીરાધાર અને સાધનહીન હાલતમાં કચ્છનાસી આવનારાં આપણા ભાઇ-બ્હેનોને ખોરાકી કપડાં અને છેક તેમને ગામ પહોંચતાં કરવાનો જે પ્રબંધ હતો તે સંતોષકારક થઇ શકયું હોય અને થઇ શકાયું છે તો કચ્છના પ્રજાકીય કાર્યકરો અને રાજયના સારા સહકારને આભારી હતું.

KJ 508

ના. મહારાવશ્રીએ આ બાબતમાં જે અંગત સહાનુભૂતિ ભર્યો રસ લીધો હતો તે નોંધને પાત્ર છે.

મુંદ્રા અધિવેશન

ભચાઉ પરિષદ બાદ વ્યવસ્થિત પ્રચાર, પરિષદનાં આંતરીક તંત્ર–ઓરગેનાઝેસન–ની યોજના, અને સળગતા પ્રશ્નોનો અભ્યાસ કરી તે અંગે જોશપૂર્વક કાર્યવાહી ચાલુ કરવામાં આવી અને દેશવ્યાપી પ્રચારથી લોક જાગૃતિનાં મંડાણ શરૂ થયાં. પરંતુ તેની કાર્યનીતિ બંધારણીય constitutional agitation ની હતી. અને agitate educate and organise એ તેનો મુદ્રા લેખ હતો.

રાષ્ટ્રીય આઝાદીની પ્રવૃતિ દેશભરમાં નવાં આંદોલનો જગાવી રહી હતી બંધારણ પૂર્વકનાં પગલાંથી પ્રજા રાહત ન મેળવી શકે તો સીધ્ધાં પગલાંનો આસરો લેવાની વાત વ્યવહારૂ મનાઇ ચુકી હતી.

સુવર ચીતાથી પ્રજા ત્રાસી રહી હતી. કેટલાક નવયુવાન ભાઇઓએ શિકાર કાયદાનો ભંગ કરવા હીલચાલ ઉપાડી હતી. તે વખતના પરિષદ પ્રમુખે પરિસ્થિતિની ગંભીરતા પ્રત્યે કચ્છ દરબારનું ધ્યાન ખેંચી આ ત્રાસ નાબુદ કરવા રાજ્યને સમજાવવા પ્રયાસ કર્યો અને તે માટે સારી આશા લેખીત રીતે આપવામાં આવી. અને ચીતા સત્યાગ્રહની વાત બંધ રહી. પરંતુ ત્યારબાદ રાહતનાં સ્વરૂપે જે ફરમાન બહાર પડયું તે કેવળ મશ્કરી રૂપ હતું. તેથી પરિષદની કાર્યનીતિ બંધારણીય ધોરણે કામ લેવાની હતી તે કાયમ રાખીને પણ ચોકકસ સંયોગોમાં જરૂર પડે તો અને ત્યારે સીધ્ધાં પગલાંનો આશ્રય લઇ શકાય તેવી જોગવાઇ પરિષદની કાર્યનીતિમાં આમેજ કરવા માટેની વિચારશ્રેણી કામ કરી રહી હતી.

મુંદરા અધિવેશનની પૂર્વભૂમીકા તરીકે રાજ્યસ્થાનોમાં અને ખાસ કરી રાજકોટમાં સત્યાગ્રહનાં આંદોલનો ચાલુ થઇ ગયાં હતાં અને ધીમે ધીમે તેણે રાજસ્થાની પ્રજાનુંજ નહિં પરંતુ હિંદી પ્રજાનું લક્ષ પોતા તરફ ખેંચી લીધું હતું કારણ કે મહાત્માજી અને સરદાર વલ્લભભાઇ આ આંદોલનોના નિયામક બન્યા હતા.

ભાઇ યુસુફ મહેરઅલી જેવા તેજસ્વી યુવકની મુંદ્રા અધિવેશનને દોરવણી મળી હતી. સ્થાનિકે કેટલાંએક તત્વો સત્યાગ્રહની પરિસ્થિતિ ઉભી કરવા મથી રહ્યાં હતાં.

આમ જનતાને લાગેવળગે ત્યાં સુધી આ પરિવર્તન સ્વાભાવિક સંક્રાંતિના પરિણામ તરીકે ન હતું. જનતા તો ગઇ કાલ હતી તેવીજ તે રોજ હતી આગેવાનો પણ આયોજન અને વિચારણા લઇને પૂર્વ તૈયારીયુકત હોય એમ જણાતું ન હતું.

રાજકોટની લડતની જીતના સમાચારની ઉતેજનાથી આંખ આંજી નાંખે એવા તેજના અંબાર ઉઠયા અને આવાં વાતાવરણમાં મુંદ્રા અધિવેશનમાં જવાબદાર રાજ્યતંત્ર અને તેની પ્રાપ્તી માટે સત્યાગ્રહનાં સાધન સાથેનો ઐતિહાસિક ઠરાવ પસાર થયો. કચ્છનું ગામડેગામડું સ્વયંસેવકોના પ્રચાર અને જવાબદાર રાજતંત્રના નાદથી ગાજતું બન્યું. મુંબઇના ધનપતીઓએ ધનના ઢગલા

કર્યાં. સં. ૧૯૪૦ ના જાન્યુઆરીની ૨૬ મી તારીખે કચ્છમાં જે ચમત્કાર કરી બતાવ્યો તે કચ્છના રાજકારણના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાયેલો રહેશે. તે રોજ પૂર્ણિમાની ભરતીનાં નીરથી મહાસાગર ભરપૂર હતો. રાજ્યે પણ આ પ્રવૃતિને તોડવા કે નબળી પાડવા શક્ય એવા પ્રયાસ કર્યાં અને આડકતરાં દમન ચલાવ્યાં.

એ વાતનો હું જાહેર સ્વીકાર કરૂં છું કે સત્યાગ્રહની લડતના પાયા શિષ્ટાચાર, અહિંસા અને આપભોગ ઉપરજ રચાયેલા છે. તથા હોવા જોઈએ. આગેવાનોએ એ ધોરણ જમવાઇ રહે તે માટે તકેદારી રાખવી જોઇએ અને રાખવામાં આવતી હતી. આમ છતાં પણ આમ જનતાની વ્યાપક પ્રવૃતિમાં કયાં એ શિષ્યચાર કે વિશુદ્ધિ જળવાઇ ન હોય તો તેને હું વખોડી કાઢું.

આટલું કહેવા પછી આ સમય દરમ્યાન કચ્છ રાજ્યના કર્મચારીઓના વર્તાવને બાજુએ રાખી સને ૧૯૪૦ ના એપ્રીલની ૧ લી તારીખે કચ્છ રાજ્ય તરફથી ભાયાતો અને અજ્ઞાન મુસ્લીમ ભાઈઓને ઉશ્કેરીને અશિષ્ટતાનું જે પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેની નોંધ લેતાં કહેવું પડે છે કે એ કમનશીબ ખેલ કચ્છના ઇતિહાસમાં એક અશિષ્ટ પ્રકરણ તરીકે લેખાશે એમાં જરાએ શંકા નથી.

લડત મોકુફી

૧૯૪૦ ના માર્ચના છેલ્લા અઠવાડીયામાં મહાત્માજીએ રાજ્યસ્થાની પ્રજાને સત્યાગ્રહની પ્રવૃત્તિ જ્યાં જ્યાં ચાલતી હોય ત્યાં ત્યાં બંધ રાખવા સલાહ જાહેર કરી. સંપૂર્ણ ચર્ચાને અંતે મહાત્માજીની આ સલાહ પરિષદ મોવડી મંડળે માર્ચની ૩૦ મી તારીખે સ્વીકારવાનો ઠરાવ કર્યો. એ દિવસ બાદ એટલે પહેલી એપ્રીલે સત્યાગ્રહનાં મંડાણ થવાનાં હતાં પ્રજાનો એ જુવાળ, ઉશ્કેરણી અને ચાતુરતા તેની અંતીમ કક્ષાએ પહોંચ્યાં હતા. અને એક વિદ્યુતના આંચકા માફક તમામ પ્રવૃતિ અટકાવવામાં આવતાં જોશભેર વહેતો ધોધ એકાએક અંતરાય પડતાં છીન્નભીન થઇ જાય અને વેર વિખેર થતાં પાણી જ્યાંનાં ત્યાં થંભી જાય તેમ પ્રજા અને કાર્યકરોનું થયું.

સત્યાગ્રહની લડતનાં મંડાણ કરવાનું પગલું બરાબર હતું કે નહિં અગર લડતનાં મંડાણ કર્યાં પછી તેને આ રીતે મોકુફ કરવાનું પગલું બરાબર હતું કે નહિં તે વિષે મતભેદ હશે અને છે પણ તે વાતનો વિવાદ મને પ્રસ્તુત લાગતો નથી. મને તે વિષે પશ્ચાતાપ નથી. પ્રજાઓનાં ઉત્થાનના ઇતિહાસમાં આવા પ્રસંગો બન્યા કરે છે. આવી બાબતોના ગુણદોષ પરિણામ લક્ષી હોય છે. મને એ વાતનું દુઃખ નથી. પણ **મને દુઃખ એ વાતનું અવશ્ય છે કે ઉત્પન થએલ આ પ્રચંડ આવેગને તત્કાળ યોગ્ય અને સાચે માર્ગવાળી લેવાનું બન્યું નહિં.** કારણ આગેવાનો કીંકર્તવ્ય મૂઢ થયા હોય કે ગમે તે કારણ હોય પણ સત્યાગ્રહ મોકુફીના ઠરાવ પછી પહેલું જ કર્તવ્ય ઉત્પન થયેલ આ પ્રચંડ આવેગને યોગ્ય માર્ગે વાળવાનું તથા પ્રત્યાઘાતિ અસરમાંથી કાર્યકરો અને જનતાને બચાવી જનતાની ઠંડી તાકાત કેળવાય એવી કોઇ પ્રવૃતિની યોજના કરવાનું હતું. આપણે તે વખતસર કરી શકયા નહિં. તે પછીની પરિસ્તિના કારણ તરીકે આ એક અને એક જ વાત મને સાલ્યા કરે છે. આ પરિસ્થીતી માટે હું કોઇને દોષ આપતો નથી.

KJ 509

૭

મંદી

પછી તો Frustration નિરાશાવાદ અને નિષ્ક્રીયતા કેવળ આમજનેતા ઉપરજ નહિં પરંતુ શિક્ષીત સમાજ અને ખુદ કાર્યકરો ઉપર પણ ફરી વળ્યાં, અને નિષ્ક્રીય રહેતી કોઇ પણ સંસ્થા છેવટ કાર્યકરોમાં આંતરમનઃ દુઃખ વિટંડાવાદ અને પરસ્પર આક્ષેપજનક વાતાવરણમાં પરિણામ પામે તેવું આપણે ત્યાં પણ થઇ ગયું.

પછી તો જાણે માનસ પરિવર્તન થઈ ગયું હોય તેમ સ્થાપિત હિતો ધરાવતા વર્ગો પરિષદથી અલગ થવા લાગ્યા. તથા રાજ્ય પાસેથી સગવડ કે મદદની અપેક્ષા ધરાવતી પ્રજાહિતની પ્રવૃતિમાં પણ પરિષદ કાર્યકરોને ટાળો આપી કામ લેવામાં હિત મનાવા લાગ્યું.

કાર્યકરોમાં ટીમ સ્પીરીટની ખામી Organisation નો લગભગ અભાવ અને સ્થાપિત હીતો ધરાવતા વર્ગોનું આવું વલણ એ સંયોગોમાં ત્યાર પછી જેમના પર પરિષદનો ભાર વહન કરવાનું કામ આવી પડયું એમને પરિષદનું કામ ચાલુ રાખવાનું રહ્યું.

૪૦-૪૧ માં લડત મોકુફીબાદ પ્રત્યાધાત અને દુકાળની અસર હિંદના રાજકીય વાતાવરણમાં આપણાં નેતાઓની ગીરફતારી, આ પરિસ્થિતિમાં અંધકારથી વાતાવરણ ઘેરૂં બન્યું હતું. આ વખતે દેશભરમાં Frustration ની જે અસર વ્યાપક બની હતી તેમાંથી કચ્છ પણ બકાત રહી શકયું ન હતું.

યુદ્ધકાળ દરમ્યાન રાજતંત્રની કંટ્રોલ નીતિની બેજવાબદારી અને બીજા સંયોગોને કારણે ૪૦-૪૧ માં કારોબારી મંડળતરફથી પરિષદ અધિવેશન બોલાવવા પ્રયત્નો કરવામાં આવ્યા. છેવટ ૪૨ ના જુલાઇમાં અધિવેશન બોલાવવા અંગે મુંબઇમાં વાતાવરણ નિશ્ચીત કરવામાં આવ્યું આ બધા સમય દરમ્યાન સ્થાનિકના સહકાર વિષે આશાજનક સંયોગો જણાયા નહિં. એ અરસામાં પ્રજાકીય પરિષદના પ્રમુખ ભાઇ યુસુફ મહેરઅલીની પણ ધરપકડ થઇ હતી અને ત્યાર પછી તેમની તબીયતની નાદુરસ્ત રહેવાને કારણે તેમની દોરવણીનો લાભ કારોબારી મંડળ મેળવી શકયું નથી. ચાલુ રહેતી નાદુરસ્ત તબીયતને કારણે તેમની લાગણી છતાં તેઓ અત્યારે આપણી સાથી હાજરી આપી શકયા નથી અને તેથી તેમની સલાહ અને દોરવણીનો લાભ મેળવી શકાયો નથી. ભાઈ યુસુફ મહેરઅલીને આપની તરફથી સંપૂર્ણ કુશળતા સત્વર પ્રાપ્ત થાય એમ શુભેચ્છા જાહેર કરૂં છું.

એક બાજુ પરિષદ પ્રવૃત્તિની આ સ્થિતિ હતી ત્યારે રાજ્યે પોતાની ચોક્કસ નીતિથી પરિષદ સંસ્થા કે પરિષદ કાર્યકરોને કયાંએ પ્રતિષ્ઠા ન મળી જાય એ રીતે સ્પષ્ટ અને મક્કમ વલણ અને તે સાથે પરિષદ સિવાયના અથવા પરિષદને અલગ રાખી કામ લેવા આવનાર વર્ગ કે વ્યકિત સાથે મીઠો વર્તાવ રાખવાનું વલણ ધારણ કર્યું હતું. **આ સંયોગોમાં સ્થાનિકમાં પરિષદની પ્રતિષ્ઠા જળવાય એ રીતે કુનેહ અને વિવેકબુદ્ધિથી કામ લીધા વિના પરિષદ સંસ્થાના અસ્તિત્વને સહન કરવુ પડે એવી પરિસ્થિતિ આવી રહી હતી.**

૯

પલટાયલા સંયોગો

સ્વર્ગવાસી નામદાર મહારાઓ શ્રી ખેંગારજીનાં અવસાન બાદ કચ્છનાં રાજકીય જીવનના ઇતિહાસમાં એકાએક પરિવર્તનની સ્થિતિ આવી ગઈ. જે અમલની જુગજુની અસર એકધારી અને અખંડ એકજ સ્વરૂપે ચાલી આવતી હતી તે એકાએક અને અણધારી બંધ પડી. નિષ્ક્રીય અને નકારાત્મક પરિસ્થિતિ એકાએક પલટાઈ ગઇ. અને તેની જગાએ તેથી જુદાજ સ્વરૂપની સક્રીય, સતત પ્રવૃત્તિમય, અને ઘડી ઘડી પલટા લેતી પરિસ્થિતિ ખડી થઇ.

પરિષદ જેવી રાજકીય સંસ્થા માટે આ પરિસ્થિતિ વિચાર માગી લે છે. ખાસ કરી એકધારી રીતે ચાલતા નિષ્ક્રીય વહીવટને ઉદ્દેશીને ઉત્પન થયેલી પરિષદની વિચારશ્રેણી નવી પરિસ્થિતિમાં નવી દ્રષ્ટી માગી લે એ દેખીતું છે.

નિષ્ક્રીયતાને સક્રીય બનાવવા માટેના માર્ગ અને સતત પ્રવૃત્તિમય પણ અનિશ્ચીત સક્રીયતાને યોગ્ય અને સાચે માર્ગે વાળવા માટેના માર્ગ અને કાર્યનીતિ વચ્ચે તુલના અને વિવેક કરવાની આજ આપણને જરૂર છે.

વિદ્યમાન નામદાર મહારાઓ શ્રી વિજયરાજજી સાહેબ ગાદી ઉપર આવ્યા પછી તે નામદારે પ્રજાહિત માટેની પોતાની જે લાગણી વખતો વખત વ્યકત કરી અને પ્રજા સાથે સંપર્ક સાધવાની વૃતિ જાહેર કરી તે ઉપરોક્ત સંયોગોમાં દેશહિત માટે વિચાર કરનાર કોઇ પણ વ્યક્તિને માટે આશાના સંચાર સમું લાગે એ દેખીતું છે. રાજયને પ્રજા પરસ્પરને સમજે પરસ્પરના હકકો અને જરૂરીઆતો સ્વીકારે અને સર્વ સામાન્ય હિતમાં સહકારથી કામ થઇ શકતું હોય તો એ સર્વ સ્થળે આવકારદાયક લેખાય પરિષદનું સ્થાન અને પ્રતિષ્ઠા સ્વીકારાય અને પ્રજાની એક પ્રતિનિધિ સંસ્થા તરીકે તેને સાથે સરકારથી કામ લેવા રાજ્ય ઇચ્છતું હોય તો તે પ્રાપ્ત સંયોગોમાં આવકારદાયક વસ્તુ છે. એવો ખ્યાલ અયોગ્ય નહિં મનાય.

આ ખ્યાલ અને આ ભાવનાથી નિસ્પૃહી દેશહિતેચ્છુ ભાઇઓની દરમ્યાનગીરીથી નામદાર મહારાજશ્રી સાથે રાજપ્રકરણીય જાહેર હિતના પ્રશ્નો પરત્વે મને મુલાકાત અને લાંબી ચર્ચાઓનો લાભ અને માન મળ્યા તેમાં બંધારણીય પ્રશ્નને, નવા જાહેર થયેલ પણ પરિષદે અસ્વીકાર કરેલ નગરસભાઓનાં બંધારણની પુનઃ વિચારણા કંટ્રોલ વ્યવસ્થા અને બીજા તાત્કાલીન જાહેર હિતના પ્રશ્નો તેમાં મુખ્ય હતા. આ અને આવાજ પ્રશ્નને અંગે એકથી વધુ વખત મને મુલાકાતનું માન આપવામાં આવેલ અને ચર્ચા દરમ્યાન નામદાર મહારાજશ્રીની ભલી મુરાદ અને નિખાલસતાની મારા પર ઉંડી છાપ પડેલી આ બધી પ્રવૃતિમાં મારા નિકટના સાથીઓને માહિત રાખ્યા છે અને તેમની સલાહ ને ઉપયોગ મને મળ્યા કર્યા છેઃ આ બધી મુલાકાતદ્વારા અને ત્યારપછી મારા તરફના નીખાલસ અને સાચી ભાવના યુકત સહકારદ્વારા હોય સંસ્થાગત જવાબદારીને સુસંગત રહીને રાજ્ય સાથે સહકારથી કામ કરી પ્રજાની સેવા થઇ શકતી તો તે માટે શુદ્ધ નિષ્ઠાથી મેં પ્રયાસો કર્યા હતા.

હું આશાવાદી છું. મારૂં વલણ સામાન્યતઃ રચનાત્મક છે. પણ આ બંન્નેની મર્યાદા હોય છે. અંગત સ્વરૂપે કે વ્યક્તિગત રીતે શુભ નિષ્ઠા અને

KJ 510

સુજનતાનો પરિચય થયા છતાં પ્રણાલી અને આરૂઢ મનોદશાવાળાં રાજતંત્ર પાસેથી પ્રજાનાં સમજ પૂર્વકનાં અને સંગઠીત પીઠબળ વગર સાચી સેવા આપવાનું પ્રજાના કાર્યકરો માટે મુશ્કેલ અને લગભગ અશક્ય છે એમ મેં જોયું અને તેથી બીજાં કારણો સાથે અધિવેશન તરત બોલાવી પરિષદનું વ્યવસ્થાતંત્ર [Organisation) પુનઃ સ્થાપિત થાય એવી મારી ભાવના વધુ નિશ્ચ બની.

આ વખતે આપણાથી હાથ જોડી બેસી રહેવાય નહિંજ

વાતાવરણને કારણે, ઓરગેનાઇઝેશનની ખામીને કારણે, બંધારણની અવ્યવસ્થને કારણે, અને કાર્યકરોમાં ટીમ સ્પીરીટના અભાવના કારણે અથવા જે કોઈ કામ કરતા રહ્યા હતા તેની નિર્બળતાને કારણે પણ આપણી પ્રવૃતિનો લગભગ અભાવ થઇ ગયો હતો અને તેથી પરિષદનું અધિવેશન તરત બોલાવવાની જરૂરીઆત ઘણાખરા જવાબદાર કાર્યકરોને અને દેશહીત માટે વિચાર કરી રહેલા ભાઇઓને લાગવા માંડી હતી. કંટ્રોલ અને પોલીસ તંત્ર તથા લડાઇને અંગે ઉપસ્થિત થતા પ્રશ્નોમાં બહાર પાડવામાં આવતા હુકમો સંબંધમાં જનતાના જુદા જુદા વર્ગોનો પોકાર વધી પડયો હતો. પ્રજાજીવન સાથે સંબંધ ધરાવતા ખેતીવાડી, ઉદ્યોગ વિકાસ, કસ્ટમ્સ અને ટેરીફ, અને બંદરો તથા કરંસી અને એક્સચેંજને લગતા પ્રશ્નો જીવતા બન્યા હતા. અને તે અંગે પ્રજાની લાગણી બતાવવા માટે જરૂર ઉભી થઇ હતી. નામદાર મહારાઓશ્રી તરફથી વખતોવખત થતી જાહેરાત પ્રમાણે કંઇ બંધારણીય સુધારા જાહેર થાય એ અંગે અંતીમ નિર્ણય કરવાનો અધિકાર કેવળ ખુલ્લી પરિષદનેજ હોઇ શકે તે માટે પણ પરિષદનું અધિવેશન બોલાવવાની જરૂરત ઉભી થઈ હતી.

હિંદનાં ભાવી બંધારણ માટે મોડી કે વહેલી રચાનાર Constituent Assembly વખતે પરિષદ સંસ્થા પ્રજાની વતી બોલવાને માટે જીવતી અને જાગતી હોય એ જરૂરનું હતું.

આ અને આવાં કારણેસર ઉપસ્થીત થએલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે કચ્છી પ્રજાની એકની એક પ્રતિનિધિ સંસ્થા શ્રી કચ્છી પ્રજાકીય પરિષદ પૂરી વ્યવસ્થિત, Organised હોય એ જરૂરનું લાગતું હતું અને એટલા માટે પરિષદનું અધિવેશન બોલાવવા સાથીઓના સાથથી પ્રયત્નો આરંભવામાં આવ્યા અને પરિણામે આપણે એકત્રિત થયા છીએ.

આજની ઉષા

ગઇ કાલ હતા તેના કરતાં આજે સંયોગો તદન બદલાયેલા છે આજે યુદ્ધ પુરૂં થયું કહેવાય છે. પરંતુ મહાસત્તાઓને માટે સુલેહ જીરવવી મુશ્કેલ થઇ પડી છે. જગતમાં ઠેર ઠેર આઝાદીની તમન્ના પ્રગટી ઉઠી છે. યુરપની મુઠીભર પ્રજાઓની ગુલામીમાં સબડતીએ સીયાની પ્રજાઓ આઝાદી માટે ઉભી થઇ ગઇ છે. અને સમગ્ર પૂર્વ એસીયામાં ઠેર ઠેર ભડકા બળી રહ્યા છે.

ભારતમાં આઝાદીના દાવાનળ ગુલામીને ભરખી ખાવાની વાત હવે નજદીકનાં ભવિષ્યની સત્ય ઘટના રૂએ દેખાય છે. જગતના બધા શોષિત દેશો આઝાદ ભારત તરફ મીટ માંડી બેઠા

છે. બનવાજોગ છે, ભારતની આઝાદી સમજુતથી આવે, બનવાજોગ છે, ભારતને હજી એક અગ્ની પરિક્ષામાંથી કદાચ પસાર પણ થવું પડે. પણ તમે અને હું જોઇ શકશું એટલા સમયમાં આપણો દેશ આઝાદ થશે.

ઈંગ્લેંડનો ઇતિહાસ કહે છે કે એ દેશ હેલી ઘડીએ તે પોતાનાં હીતમાં સમજી જાય છે. રશીયાની ત્રાસી નજર અને અમેરીકાની વ્યાપારી પકડ ઈંગ્લેંડને વખતસર સમજી જવા જેટલી વૈશ્ય બુધ્ધી સુઝાડી આપે એમ ઇતિહાસ કહે છે. આ સંયોગોમાં બનવાજોગ છે કે દુરનાં નહિં એવાં ભવિષ્યમાં ઈંગ્લેંડ ભારત વર્ષ સાથે સમાધાન કરે.

જગતના તમામ દલીત મુલકો જ્યારે પોતાની આઝાદી માટે ભારતના ભાગ્ય વિધાતાઓ સામે મીટ માંડતા હોય ત્યારે રાજસ્થાની પ્રજા તો ભારતીય પ્રજાનું એક અંગ છે, ભારતની પ્રજા જ છે આમ સમગ્ર હિંદનાં રાજદ્વારી ભાવી સાથે આપણે સીધી રીતે સંકળાયેલા છીયે.

હિંદનું મધ્યસ્થ રાજતંત્ર Federased થાય કે બીજાના સ્વરૂપનું થાય પણ તેમાં રાજસ્થાનોને ચોક્કસ અને નિશ્ચિત સ્થાન છેજ.. આ રાજસ્થાનો એટલે હાલના બંધારણ મુજબના Indian States ના રાજાઓ નહિં પણ **રાજસ્થાનો એટલે સ્પષ્ટ રીતે રાજસ્થાની પ્રજા.** મધ્યસ્થ તંત્ર રચવા માટે Consnituent Assembly થાય તેમાં બેસવાનો અધિકાર જો રાજસ્થાનિ પ્રજાના ચુંટાએલા પ્રતિનિધીને ન હોય તો તે રાજસ્થાનિ પ્રજાને તો માન્ય નહિં જ હોય પણ બ્રીટીશ હિંદની પ્રજા પણ તે કબુલ રાખશે નહિં. એટલે દેખીતી રીતે તેથી આ પ્રશ્ન આજે આપણી પાસે ગંભીર વિચારણા માંગી લે છે.

રાજસ્થાન પ્રજાના હકકો

આ મુદ્દા સંબંધમાં નરેન્દ્ર મંડળના પ્રધાન સમિતિના પ્રમુખ સર મનુભાઇ નંદશંકર મ્હેતાએ એક વર્તમાન પત્રને આપેલ મુલાકાતથી તેમણે રાજા સાહેબોની સારી સેવા કરી નથી. સર મનુભાઇ રાજસ્થાની પ્રજાને સંપૂર્ણ જવાબદાર તંત્ર માટે લાયક લેખતા નથી, અને અંશત જવાબદારી તો કેટલાંક રાજ્યો એ આપી છે. એમ જણાવે છે. હિંદની સંપૂર્ણ રાજદ્વારી પ્રગતિ માટે તેઓ રીયાસતનો સહકાર આપવાની તૈયારી જણાવે છે. પણ તે અંગે સંધી હકકમાં એકપક્ષી ફેરફાર કરવામાં આવે એ સામે રાજા સાહેબોનો વાંધો નોંધાવે છે. આ વિષે વિસ્તારથી સમિક્ષા કરવાનું આ સ્થાન નથી. પરંતુ રાજસ્થાની પ્રજાના રાજદ્વારી હકકને અંગે એક જવાબદાર વ્યકિતનાં આ સત્તાવાર વિચારો આ સ્થળેથી કંઇક સમિક્ષા માગી લે છે.

સર મનુભાઇએ સમજી લે કે હિંદની સંપૂર્ણ રાજદ્વારી પ્રગતિ બ્રીટીશ પોલીટીકલ ખાતાંની ગુલામી ભોગવતા રાજા સાહેબો કે તેના પ્રધાનોથી કદી અટકવાના નથી. જ્યારે બ્રીટન રાજ્યે કે કુરાજ્યે એ નિર્ણય ઉપર આવશે ત્યારે રાજા સાહેબોનાં સ્થાન કયાં હશે તેની દયા બ્રીટન ખાવાનું નથી. એટલે રાજા સાહેબો ભારતની રાજકીય પ્રગતિમાં સાથ આપવાનો વિચાર કરે તે પોતાનાં ભાવિ અસ્તીત્વના માટે જ જરૂરનું છે. આ સંધી હકકમાં એકપક્ષી ફેરફાર એટલે શું ? બ્રીટીશ હકુમતને લાગેવળગે ત્યાંસુધી એ હકકપત્રોની કીંમત કાગળનાં ચીથરાથી વધારે નથી.

KJ 5૧

અને જો "દ્વી પક્ષી" નો અર્થ રાજા સાહેબોને પક્ષકાર લખાવમાં આવતો હોય તો તે રાજસ્થાની પ્રજાને માન્ય નથી.

સર મનુભાઇ સંધી-હકકમાં ફેરફાર કરવા માટે બે પક્ષોની હાજરી જરૂરી માનતા હોય તો સામો પક્ષ ગમે ન હોય પણ પહેલો અને જરૂરી પક્ષ ખુદ રાજસ્થાની પ્રજાજ છે. કારણ કે સાત કરોડની પ્રજાનાં જીવન મરણનો એ પ્રશ્ન છે. અને થોડાએક રાજાઓની સગવડ કે મુનસફી ઉપર હવે તેને છોડી શકાય તેમ નથી.

આજે આ બીજુ પ્રચંડ વિશ્વયુદ્ધ કે જેમાં અનેક સામ્રાજ્યો અને હઝારો વર્ષ જુના નિપ્પન (જાપાન) ના બાદશાહ ા શહાનશાહનો પણ જુનાં સંધી પત્રોની વાત કરવાની હીમત કરી શકતાં નથી, ત્યારે આવી હાસ્ય જનક દલીલ કરવાની આ જમાનામાં સર મનુભાઇ કેમ હીમત કરી શકતા હશે તે સમજી શકાતું નથી.

સર મનુભાઇ રાજસ્થાની પ્રજાને જવાબદાર રાજતંત્ર આપવાનો સમય હજુ પાકયો નથી એમ જણાવે છે. રાજસ્થાનિ પ્રજા રાજતંત્રની જવાબદારી અદા કરવાને લાયક છે કે નથી તે તો હાલના દીવાનો અને તેમના માલીકો થોડો વખત જગ્યા ખાલી કરી આપે તો દેખાડી શકાય તેમ છે પરંતુ આજે એ રાજા સાહેબો અને એ દીવાનો વડે રાજસ્થાનોના રાજતંત્ર જેવી રીતે ચાલી રહ્યાં છે તેનાથી વધારે ખરાબ કોઇ સંયોગોમાં કોઇ રાજતંત્ર ચાલી શકે એમ હું માનતો નથી. એટલો એ તો નિરવિવાદ છે કે રાજસ્થાનિ પ્રજા જવાબદાર રાજતંત્ર માટે ગમે તેટલી નાલાયક હોય તો પણ આજે મુફીમર રાજા સાહેબોના મનમોજ અને પ્રધ્નોની ખુશામતોવાળાં વ્યક્તિગત તરંગો ઉપર અને પારકે પૈસે તાગડધીના કરતાં રાજતંત્રો કરતાં તો તે જરૂર સારાં હશે તે વિષે મને જરા પણ શંકા નથી.

પ્રજાઓની લાયકાત ઠરાવનાર જવાબદાર રાજતંત્ર આપનાર કે અપાવનાર, કોઇ દિવાન કે રાજા કોણ? રાજાઓનાં અંગત અને વ્યક્તિગત અસ્તીત્વ માટે વલખાં છતાં રાજસ્થાનિ પ્રજા વહેલે કે મોડે જવાબદાર રાજતંત્ર પ્રાપ્ત કરશે અને તે રાજાસાહેબો પોતાનાં હીતમાં સમજીને સમયસર નહિં આપે તો તે પોતાનાં બળેથી લેશે.

સર મનુભાઇ કેટલેક સ્થળે અંશતઃ જવાબદાર રાજતંત્રની વાત કરે છે. એવાં નાટકો તો ઘણાંએ ભજવાય છે અને હજુએ ભજવાશે કારણ કે દીલગીરીની વાત છે કે રાજાસાહેબોનો હજી હૃદયપલટો થયો જણાતો નથી. તેમને હજુ સમયનો સાચો ખ્યાલ હોય તેમ જણાતું નથી. અથવા તો તેઓ કાળબળને જોવા ખુશી નથી. રાજાસાહેબોથી પોતાની નજરથી વધારે આગળ જોઇ શકાતું હોય એમ લાગતું નથી અને દિવાનો તો પગાર ખાઇને વાતો કરે છે. તેથી આ સ્થળેથી તેઓને મોટી અંતઃકરણપૂર્વક વિનંતિ છે કે હજુ પણ સમયને પીછાણે અને પોતાનાં રાજ્યમાં સમયસર જવાબદાર રાજતંત્ર આપી પોતાનાં સ્થાન પોતાની પ્રજાઓનાં હૃદયમાં વધારે સ્થિર અને વધારે ચિરજીવ કરે.

આપણું કર્તવ્ય

રાજસ્થાનિ પ્રજાનો સમગ્ર રીતે પ્રશ્ન આ છે, અને તેના પ્રત્યે આપણાથી દુર્લક્ષ થઇ શકે એમ નથી, છતાં આપણી સીધી મર્યાદામાં તો આપણો કચ્છ દેશ આપણા રાજવી અને

આપણે કચ્છી પ્રજા એજ આપણો પરિવાર છે. આ વર્તુલમાં એ ત્રણે તત્વોને કશો હિત વિરોધ નથી. ઐહિક દ્રષ્ટિએ, નૈતિક દૃષ્ટિએ અને રાજનૈતિક દૃષ્ટિએ પણ સમગ્ર હિતમાં પ્રત્યેકનું હીત સમાએલું છે. તેથી હું આપની સમક્ષ જે વિચારો રજુ કરૂં છું, આ અધિવેશનમાં આપણે જે વિચારો કરીશું અને આપણે જે ધ્યય તરફ જવાનું છે તેમાં આપણા રાજવી સહીત પ્રત્યેકનું હીત સમાએલું છે અને તેથી એ વિચારનાં પ્રેરક બળ નીચે આપણી સફળતા રહેલી છે એવી મને પૂરી શ્રદ્ધા છે.

આજની પરિસ્થિતિનો વિચાર આપણે નીચેની દૃષ્ટિએ કરવાનો છે.

૧. મુંદરા અધિવેશનમાં કરેલી જવાબદાર રાજતંત્રની પ્રાપ્ત કરવાની આપણી પ્રતિજ્ઞા જ્યાં લગી આપણે જવાબદાર રાજતંત્ર પ્રાપ્ત કર્યું નથી ત્યાંલગી ઉભી છે, અને રહેશે, તેમાં કશી નરમાસ કે ભેળસેળને અવકાશ નથી.

૨. કચ્છના નામદાર મહારાઓશ્રીના બંધારણ પૂર્વકના રાજ અમલ નીચે જવાબદાર રાજતંત્રની પ્રાપ્તીએ આપણું ધ્યેય છે. જવાબદાર રાજતંત્રમાં રાજાનું સ્થાન આજે જે સ્થાને છે તેના કરતાં વધારે સ્થિર, વધારે પ્રેમ અને માનભર્યું અને વધારે ચિરંજીવી છે અને રહેશે. એમાં કશી ગેરસમજને અવકાશ જ નથી.

ઇંગ્લેન્ડના રાજાની પ્રતિષ્ઠા અને ઓજસ અને પ્રજાની વફાદારી તે બંધારણ પૂર્વકના રાજા હોવા છતાં ઇંગ્લેન્ડની પ્રજામાં કેવી છે તે રાજા સાહેબોને સમજાવવાની જરૂર નથી. બનવા જોગ છે જો ઇંગ્લેન્ડના રાજા બંધારણ પૂર્વકના રાજા ન હોત અને યુરોપનાં બીજાં રાજસિંહાસનો જેમ હતાં નહિં હતાં થઇ ગયાં છે તેમ આ વિંડસરનો રાજવંશ પણ દુનિયામાં કદાચ અસ્તીત્વ ધરાવતો નહોત. આજે એ વિંડસર રાજવંશનું સ્થાન જાણે અચળ હોય એમ લાગે છે અને તે જવાબદાર રાજતંત્રને આભારી છે તેનો ધડો આપણા રાજાઓ લે એમ મારી વિનંતિ છે.

૩. આપણી સંસ્થવિત તંત્રની પુનઃ રચના એટલે પરિષદનું-ઓરગેનાઇઝેસન વ્યાપક, વ્યવસ્થિત, અને કાર્યદક્ષ બનાવવાની તરફ આપણે લક્ષ આપવાની જરૂર છે અને તેમ કરવા માટે આપણા બંધારણમાં કરવા યોગ્ય ફેરફાર જણાય તો તે પણ કરવાનો રહેશે.

૪. પ્રજાના જીવના પ્રશ્નો અને ખાસ કરી અન્ન અને વસ્ત્ર તથા સ્વાસ્થ્ય અને શિક્ષણ એ ચાર બાબતોમાં પ્રજાને સેવા આપી ઉપયોગી થવા. આ ચારે બાબતો પરસ્પર અવલંબીત છે.

૫. માસ કોનસીઅસનેસ-ઉભી કરવા અને હક્ક અને જવાબદારી પ્રજા સમજતી થાય એટલુંજ નહિં પરંતુ તેનો ઉપયોગ સંસ્થાગત રીતે કરવાનો સમજતી થાય તેમ કરવનું આપનું કાર્ય છે.

૬. રાજ્ય સાથેના પ્રસંગમાં રાજની ખરેખરી લોકતંત્ર તરફ લઇ જતી સંસ્થાઓ હોય કે થાય તો શક્ય હોય ત્યાં તેનો ઉપયોગ કરવાનું વહીવટી તંત્ર અંગે તથા કાયદા તથા વ્યવસ્થા અંગે પ્રજાની હાડમારીઓ વિષે શક્ય એટલી સેવા આપવાનું તથા સમગ્ર કાર્ય માટે કાયદેસર રીતે તમામ માર્ગ પ્રવૃત્તિ કરવી.

KJ 512

જવાબદાર રાજતંત્રની સાદી સમજ

જવાબદાર રાજ્યતંત્ર એટલે શું? જવાબદાર રાજ્યતંત્ર કેમ પ્રાપ્ત કરવું? આ પ્રશ્ન રાજ્ય અને જનતાની જાણ માટે ખુલાસો માગે છે જવાબદાર રાજ્યતંત્ર (૧) રાજાનો હૃદયપલટો થાય અને રાજીખુશીથી આપે–જેમ ઔંધનરેશ કર્યું છે અને રેવાનરેશે જાહેર કર્યુ છે. તેમ અથવા તો (૨) જનતા પોતાની તાકાતથી પ્રાપ્ત કરે, અથવા (૩) રાજા પ્રજા બન્ને પોતાના હિતમાં સમજી પરસ્પરની સમજુતીથી ગૃહણ કરે. રાજા રાજીખુશીથી નવાજેશ કરે તોપણ જનતા હક અને જવાબદારી બરાબર સમજતી અને અદા કરતી થઇ શકે તે માટે પોતાની શકિતઓ કેળવવી જોઇશે. આત્મ શુદ્ધિ અને સ્વાશ્રયની તાકાત વડે પ્રાપ્ત કરે તો તેજ સાચું જવાબદાર રાજ્યતંત્ર છે. પરંતુ રાજા પ્રજાની પરસ્પર સમજણથી વિકાશ પામે તેમાં પણ જનતાને જવાબદારી અદા કરવાની શક્તિઓ કેળવવી પડશે જ.

આ શકિતઓ વ્યવસ્થિત રીતે કેળવવામાં, જવાબદારીઓ અદા કરવા માટે તાલીમ લેવામાં, જવાબદાર રાજ્યતંત્ર એટલે શું અને તે કેમ મેળવવું તેનો ખુલાસો મળી જાય છે.

રાજનાં વહીવટીતંત્રને લાગેવળગે ત્યાં લગી જવાબદાર રજ્યતંત્ર એટલે કંઈ આજના બધા દરબારી નોકરોને દેશવટો આપી નવાજ નોકરો આવી જાય એવો અર્થ થતો નથી. બ્રિટીશ હિન્દુસ્તાન માટે લગભગ તેમ છે કારણ કે ત્યાં પરદેશીઓ ઘણી થઇ બેઠા છે આપણે ત્યાં તો કેવળ માનસ પરિવર્તનનીજ જરૂર છે.

દરબારી નોકર પોતાની કામગીરી વિષે પ્રજા અવાજને જવાબદાર છે અને પ્રજાને અવિશ્વાસ પોતાનાં વ્યવસ્થિત બંધારણ દ્વારા જાહેર થશે તો પોતાની નોકરી સલામત નથી એમ સમજતો થઇ જાય તો આજનું રાજતંત્ર, આજનું કર્મચારી મંડળ છતાં જવાબદાર રાજતંત્ર તેના વ્યવહારૂ અર્થમાં થયું લેખાય.

એટલે જવાબદાર રાજતંત્ર માટેની લાયકાતનો પ્રશ્ન પણ અપ્રસ્તુત જણાય છે. આજના રાજકર્મચારીઓ લાયક છે એમ માનવામાં આવે તો જવાબદાર રાજતંત્રમાં તે ચાલ્યા જવાના નથી માત્ર તેમની નોકરી પ્રજાના વિશ્વાસ ઉપર નિર્ભર હશે. એટલે આજની લાયકાત હશે તે કાયમ રહેશે બલ્કે વધશે. આ રીતે આજે જ માત્ર માનસ પરિવર્તનથી જવાબદાર રાજતંત્ર વ્યવહારૂ થઇ શકે છે.

માનસ પરિવર્તન થાય કે ન થાય આપણે તો જવાબદાર રાજતંત્ર મેળવવું છે–તે માટે–

(૧) પ્રજાકીય અસ્મીતા સ્વાશ્રય અને સંગઠનથી જનતાને તૈયાર કરવી પડશે. (૨) જનતાને તૈયાર કરવા માટે પરિષદે પોતાનું તંત્ર દેશવ્યાપી બનાવી રચનાત્મક સેવા કરવી જોઇશે. (૩) પરિષદ તંત્ર વ્યાપક બનાવવા માટે અને રચનાત્મક કાર્ય માટે ભાવનાશીલ, કર્તવ્યનિષ્ઠ અને જાણકાર કાર્યકરો તૈયાર કરવા પડશે.

કાર્યકરો તૈયાર કરો

હું માનું છું કે એવા અનેક સેવાભાવી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકરો કચ્છમાં અને કચ્છ બહાર છે કે જેની સેવા પરિષદ મેળવી શકે તેમજ એવા તો તેથીયે વધારે હશે કે જેમને તેમનાં કાર્યની તાલીમ આપવામાં આવે તો ઉપયોગી સેવા આપી શકે.

એ રીતે જે ભાઇઓની સેવા મળી શકે તે લઇને અને બીજા વિશેષ તૈયાર કરીને પરિષદનું તંત્ર વ્યાપક અને જીવંત બનાવવાનું સૌથી પ્રથમ અગત્યનું છે.

એમ કહેવાય છે કે કાર્યકરો મળતા નથી. હું એમ માનતો નથી. કારણ કે હું તેઓ પૈકીનો એક છું–આપણાં જાહેર જીવનમાં "સેવાભાવ અને સેવક" શબ્દનું અયોગ્ય exploitation થઇ રહ્યું છે. તે કોઇ પણ દલિત કોમ કે વર્ગ કરતાં પણ તેને બદતર હાલતમાં મુકી રહ્યું છે. ગુમાસ્તા અને મજદુરો કે ખેડુતોનું exploitation આર્થિક છે. તો સેવક અને સેવાભાવ શબ્દનું exploitation કેવળ આર્થિક નહિ પણ નૈતિક અને ધાર્મિક સ્વરૂપ લઇ વધુ ત્રાસજનક બન્યું છે તે બંધ થવું ઘટે. ત્યાગ અને આત્મભોગનું સ્થાન અનોખું છે. પણ કોઇપણ જાહેર પ્રવૃતિ કે જાહેર સંસ્થાઓની ચાલુ પ્રવૃતિઓ સાથે ત્યાગ અને ભોગ શબ્દોને અપ્રમાણ રીતે જોડી કાર્યકરોના લોકો અને ખમીરને ઓછી અગત્યની બાબતમાં તથા પ્રજાને ઓછા વળતરમાં વેડફી દેવામાં આવે છે. જાહેર સંસ્થાઓના વડાઓ કે આગેવાનોએ પોતાને આર્થિક રીતે કે બીજી રીતે ઓછી તકલીફે વધારે યશ મેળવી લેવાનો લોભ જતો કરવો જોઇએ. સેવા ભાવનાનું કરવામાં આવતું exploitation જાહેર હીતમાં બંધ થવું જોઇએ.

કાર્યકરોને તાલીમ આપવાની યોજના આ અધિવેશનમાં વિચારવા હું આપને વિનંતિ કરું છું.

પરિષદનું તંત્ર વ્યાપક બનાવો

કાર્યકરોદ્વારા તાલુકે તાલુકે અને ગામે ગામ પરિષદની તાલુકા કમીટીઓ અને ગ્રામ્ય સમીતીઓ કાર્ય કરતી થઈ જાય અને ગ્રામ્ય સેવાદ્વારા આયોજન પૂર્વક પરિષદ સંસ્થા ચેતનવંતી બને એ આપણું પ્રથમ કાર્ય રહેશે. પરિષદનું કામ વધુ સરલતાથી થઇ શકે તે માટે પરિષદનું બંધારણ ફરી વિચારવું પડે એમ લાગે છે. તે પણ આ અધિવેશનમાં વિચારવા વિનંતી છે.

પ્રજા ઘડતરની યોજનાઓ

આપણે ત્યાં રાજ્યની છે તેના કરતાં ઘણી વધારે સંખ્યામાં પ્રજાકીય શિક્ષણ સંસ્થાઓ અને બોર્ડિંગો છે, દવાખાનાઓ છે, અને અનેક રીતે પ્રજા ઘડતરના છુટક છુટક પ્રયાસો થઇ રહ્યા છે. આ પ્રાયાસોનું એકીકરણ કરી પ્રજા ઘડતરની પ્રાણવાન યોજના થઇ શકે એમ મારું માનવું છે આપ તે દિશામાં પણ વિચાર કરશો એવી આશા છે.

આપણે ખાદી અને ગ્રામ્યસેવાની રચનાત્મક યોજના વિચારી વ્યવહાર સ્વરૂપ આપવું જોઇએ. શિક્ષણ અને રચનાત્મક પ્રવૃતિઓમાં રસ લેતાં આપણા આગેવાનોને આ કામ પરિષદની વતી પણ રાજકીય સ્વરૂપ વગર ઉપાડી લેવા મારી વિનંતી છે. ગામડાંને પોતાનાં ઉત્પાદનનો વ્યાજબી અને પૂરેપૂરો લાભ મળવોજ જોઇએ એવો આગ્રહ ગામડાં રાખી શકે અને મધ્યસ્થ રાજ્યતંત્રને પોતાની જરૂરીયાતો પોતાનાં ઉત્પાદનની નજરે પૂરી પાડવા ફરજ પાડી શકે. ઉત્પાદન કરનારા ગામડાની પ્રજાના ભોગે શહેરો જે શહેરીજીવન ભોગવે છે તે અટકવું ઘટે. અન્ન, વસ્ત્ર

KJ 513

તથા સ્વાસ્થ્ય અને શિક્ષણને લગતી બાબતોમાં ગ્રામજીવન શક્ય બને અને સુખી તથા સ્વાશ્રયી થાય. એજ પરિષદના જવાબદાર રાજ્યતંત્ર પ્રાપ્તિનો અર્થ છે.

કોમી એકતા

દેશનાં કમનસીબે આજકાલ કોમીભેદનું વાતાવરણ હિન્દમાં ચાલે છે. સદભાગ્યે તે કચ્છમાં નથી. કચ્છમાં તેની અનિષ્ઠ અસરને અવકાશ ન હોવો જોઇએ. અને તમામ કોમોએ પોતાનાં હિતમાં અને સમગ્ર હિતમાં એકતા પ્રત્યે આગ્રહ રાખવો જોઇએ. કચ્છી પ્રજાકીય પરિષદને લાગેવળગે છે ત્યાં લગી તેનાં બંધારણની રૂએજ કોઇ કોમી કે ધાર્મિક બાબતને તેમાં અવકાશ નથી. પરિષદ કચ્છીઓની છે અને કચ્છીઓ માટે છે અને પરિષદનાં પ્લેટફોર્મ ઉપર કચ્છીને કચ્છી તરીકે જ સ્થાન છે. તથા પરિષદ તમામ કચ્છીઓની કચ્છી તરીકે સેવા કરવાને વરેલી છે. એટલે તેને તમામ કચ્છીઓએ કોઇ પણ જાતના ભેદભાવ વગર સાથ આપવાંની ફરજ છે.

ઉપર મુજબ આપણું મુખ્ય ધ્યાન રચનાત્મક કાર્ય અને પ્રજા સેવા ઉપર હોય એ જ વ્યાજબી અને જરૂરનું છે પરંતુ આજકાલ રાજસંસ્થાઓએ લોકજીવનનાં તમામ ક્ષેત્રો ઉપર એટલું તો વર્ચસ્વ જમાવ્યું છે, અને લોકજીવનની તમામ જરૂરીયાતો ઉપર એટલી પકડ રાખેલી છે કે સમાજના સામાજીક, આર્થિક અને બૌદ્ધિક ક્ષેત્રોને લગતા પ્રશ્નો લેતાં પણ રાજકરણમાં ઉતરી પડયા વિના, રાજસંસ્થા સાથે સંપર્ક કે અથડામણમાં આવ્યા વિના આપણો છુટકો નથી. તેથી પરિષદ આ તરફ દુર્લક્ષ કરી શકે નહિ.

રાજકીય પરિસ્થિતિ

આ હકીકત તરફ વળતાં આજની રાજવહીવટની પરિસ્થિતિ પ્રજા સંતોષની દ્દષ્ટિએ પુષ્કળ કહેવાનું માંગી લે છે. નામદાર મહારાવશ્રીનો પ્રજા પ્રત્યેનો સદભાવ અને પ્રજા માટે "કંઇક" કરવાની અભિલાષાનો સ્વીકાર કરવા સાથે રાજવહીવટમાં તેની અસર જોવા પ્રજા હજી રાહ જોઇ રહી છે. આજે તેવી અસર કયાંએ દેખાતી નથી. બલ્કે એવી સ્થિતી ચાલે છે કે રાજ્યતંત્ર પ્રત્યેનો પ્રજાનો અસંતોષ વ્યાપક અને તીવ્ર બન્યો છે આ વિસંવાદીતા કેમ છે. તેનો નિર્ણય થવો મુશ્કેલ છે. છતાં પણ આ હકીકત છે એ આપણી કમનશીબી છે.

એ વાત ખરી છે કે નામદાર મહારાવશ્રીના રાજ અમલની શરૂઆત એવે વખતે થઇ છે કે તમામ સ્થળે મોટી મુશ્કેલીઓનો કાળ હતો, અને રાજસંસ્થાઓ અને રાજવહીવટને લગતા પ્રશ્નો વધુ ગુંચવાયેલા અને વધુ વિકટ બનેલ હતા.

નામદાર મહારાવશ્રીની શુભનિષ્ઠામાં માનનારા તરીકે તેમના રાજ્યઅમલની શરૂઆતની આ મુશ્કેલી સમજવા છતાં વિકાસની યોજના પૂરતું એ કારણ વાસ્તવિક લેખાય. પણ રાજકારોબારના પ્રજા સાથેના સીધા સંસર્ગમાં આવતા રોજબરોજના પ્રશ્નો અંગે પ્રજાને તકલીફો ભોગવવી પડે તેનો બચાવ તે દલીલમાં ભાગ્યેજ થઇ શકે છે.

આમ કહેવા પહેલાં એ વાતનો મને પૂરેપૂરો ખ્યાલ છે કે મુંદરા-અધિવેશન પહેલાં અને તે ટાંકણે પ્રજાના મનને ઉકળાવી રહેલ કેટલીક-તાત્કાળીક બાબતોનો નીકાલ તે

નામદારે ગાદી પર આવવાની સાથે કરી આપ્યો છે. સુવર ચિતાનો પ્રશ્ન કે જે પ્રજાના જાનમાલની સાથે રમત કરવા જેવો હતો તે આજે ખાસ અસ્તીત્વ ધરાવતો નથી, કંડલા નવલખી માર્ગ પરનો પ્રતિબંધ કચ્છ સાથે સંબંધ ધરાવતી દેશાંતર વસતી વિશાળ કચ્છી પ્રજા સાથે જે સંબંધ ધરાવતો હતો અને કનડગતતું જે-સાધન રૂપ હતો તે પ્રશ્ન પણ આજે એ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતો નથી.

આ વિષયમાં હજીપણ જે સ્વરૂપની વ્યવસ્થા-પોલીટીકલ-કારણુનાં બહાનાં નીચે રાખવામાં આવી છે તે ચાલુ રાખવા માટે જરા પણ વ્યાજબી કે વજનદાર કારણ મને જોવામાં આવતું નથી. બલકે ઉપરોક્ત પ્રબંધ ભવિષ્યમાં પેસેંજર નીકાશ ઉપરની લાગત તરીકે દાખલ ન થઈ જાય એ માટે તે પ્રબંધ હવે સદંતર બંધ કરવો ઘટે.

એ વાત પણ મારી જાણુથી બહાર નથી કે ખેતી વધે, ખેડુતો અને મજુરોને રક્ષણ અને રાહત મળે એવા એવા સરકયુલરો કરવામાં આવ્યા છે. પરંતુ સાથે એ પણ ભુલી શકાય એમ નથી કે દરબારી નોકરોને ગેરવ્યાજબી રક્ષણ આપતા શેંકશનના ધારાને વધારે કડક અને ન્યાયના સિદ્ધાંતોથી વિરૂદ્ધ વધારે નગ્ન સ્વરૂપનો બનાવવામાં આવ્યો છે. અને દરબારી નોકર સામે પોકાર કરનાર પર તે કારણે કેસ કરવામાં આવે છે. સ્ટાંપધારામાં અને બીજી રીતે અનેક ગણા વધારા કરી પ્રજા માટે ન્યાય મેળવવા અને દાદે પહોંચવાનું વધારે મોંઘું અને તેથી વધારે મુશ્કેલ પયુ થઇ ગયું છે અને લડાઇની પરિસ્થિતિ અને એ કારણે ઉત્પન થતી બાબતોમાં ખાસ કરી કંટ્રોલ, ફુડ સપ્લાય, સીવીલ સપ્લાય વિગેરેના વહીવટી વેચાણ અને વહેંચણીની બાબતમાં વહીવટી તંત્રનું વલણ કેવળ મીકેનીકલ અને Wooden રહ્યું છે એટલુંજ નહિં પરંતુ વેપારી અને વાપરનારી પ્રજા પ્રત્યે બેજવાબદાર અને સહાનુભુતીહિન પ્રજાએ અનુભવ્યું છે. ના. મહારાવશ્રી તરફથી હરીજનોને હાલમાં ભાડૂતી મોટર બસો અને રેલ્વે ટ્રેનોમાં જે પ્રતિબંધ હતો તે કેટલાક રૂઢીચુસ્તોનો વિરોધ છતાં સદંતર દુર કરી બીજા મુસાફરોની માફક મુસાફરીની સગવડ કરી દેવામાં જાહેર હિમ્મત બતાવવામાં આવી છે તે વખાણુવા યોગ્ય છે. દરબારી શાળાઓમાં તેમના વિષે પ્રતિબંધ છે તે પણ દુર થાય એવી મારી વિનંતી છે. આ કલંક પ્રજાનું છે. પણ તે ધોઇ નાંખવા રાજા આગેવાની લે તો પરિષદ તેમની સેવામાં હાજર રહેશે.

પ્રજા ઉપયોગી કાર્યો માટે

એ વાતની ખાસ નોંધ લેવા માગું છું કે કેવળ વર્ષાદી પાણીપર આધાર રાખતા આ કમમગ્ય મુલકને માટે જમીનતું-Eroison થતું રોકવું, અને Subsoil Water ઉપર લાવવા એ આપણા દેશને આબાદ થવા માટે તો શું પણ જીવતા રહેવા માટે પણ એક જ આધાર છે. અને તેથી નામદાર મહારાઓશ્રીની ડેમો બાંધવાની ધગશ ખાસ પક્ષપાત અને અંગત કાળજી સ.રોભાર સ્તુતીને પાત્ર છે. અને તે માટે તેમની પ્રગતિ પણ નોંધવા જેવી છે. આ વિષયનો હું નિષ્ણાત નથી. પણ એક layman કચ્છી તરીકે મારી એવી નમ્ર માન્યતા છે કે આટલું છતાં આ કાર્યને જેટલી પણ વધુ વ્યાપકતા અને જેટલો પણ વધુ વેગ આપી શકાય તેટલો ઓછો છે. જો આવાં કાર્ય માટે નાણુંની જરૂર હોય અને નાણાંની Security માટે સલામતી

KJ 514

અને વિશ્વાસ ઉભો કરી શકાય તો બીજે રસ્તે અઢળક નાણાં રોકની કચ્છી પ્રજા દ્વિવિધ સ્વાર્થ સાથે પરમાર્થ જેવા આ રસ્તે નાણાં રોકવામાં જરાએ પછાત ન પડે તે વિષે મને જરા પણ શંકા નથી.

એમ તો ખેતીવાડી અને ઉદ્યોગ વિકાસ માટે પણ નામદાર મહારાઓશ્રી જાતે રસ ધરાવે છે. પણ ખેતીવાડી અને ઉદ્યોગ વિકાસ કોને કહેવો અને તે કેમ થાય તે વિષે ઇચ્છાથી આગળનાં સ્ટેજમાં રાજ્ય ગયું હોય એમ જણાતું નથી.

વિકાશની યોજનાઓ વિશે વિચાર કરતાં મારા નમ્ર અભિપ્રાય પ્રમણે કચ્છ એક એવો નાનો દેશ છે કે જેના માટે વિકાશના આયોજન પ્રથ્થક પ્રથ્થક્ અને એક બીજાથી સ્વતંત્ર રીતે શકય બની શકે નહિં. એટલે જેને–Co-ordinated અને Comprehensive કહેવાય છે તે રીતે કચ્છની ખેતીવાડી કચ્છનો પશુવ્યવસાય, કચ્છના ગૃહઉદ્યોગો કે નાના ગ્રામોદ્યોગો હુન્નર કળા અને લાર્જસેલ ઇન્ડસ્ટ્રીઝ–વ્યાપાર અને વાણીજ્ય–શીપ બીલ્ડીંગ્સ–આ અને આવી કેટલીક બાબતો છે કે જેનો પરસ્પર એક બીજા સાથે સંબંધ છે તેમાં એકને ભોગે બીજાને વગર સમજી અગત્યતા ન અપાઇ જાય તે દૃષ્ટિએ ખેતીવાડી અને ગામોદ્યોગને મધ્યમાં રાખી તે ઉપર જણાવ્યું તેમ Co-ordinated અને Comprehensive આયોજન વગર જો કંઇ આ દિશામાં પ્રયત્નો કરવામાં આવે તો તેમાં લાભ થવા કરતાં હાની ન થાય એ જોવાની ખાસ જરૂર છે. આ દિશામાં વિચાર કરતાં Communication અને transport તેમજ પ્રજા ઘડતરની તથા પ્રજાસ્વાસ્થ્યની બાબતોનો પણ તે આ યોજનમાં સમાસ થવો જોઇએ.

જ્યારે આ વિષય પર આવ્યો છું ત્યારે જનતાનું જીવન ધોરણ યોગ્ય કક્ષાએ લાવવા અને ટકાવવાનો તેમાં હેતુ હોઇ શકે. જીવનના જરૂરીયાતો વધારવામાં આવે તેને જીવન ધોરણ ઉંચું લાવવામાં આવ્યું એમ હું માનતો નથી, એટલે વ્યક્તિ કુટુંબ કે ગામડું સ્વાશ્રયી, તંદુરસ્ત, શિક્ષીત અને સંતુષ્ટ હોય અને નાતિમય સ્વતંત્ર દિમાગવાળું રહી શકે તો તેને હું શિષ્ટ જીવન ધોરણ માનું છું.

એક વાત અત્યારે સ્પષ્ટ કરવાની જરૂર લાગે છે કે કચ્છના Basic industry કહી શકાય તેવા કાપડ અને મીઠું હાલે અસ્તિત્વ ધરાવે છે. તે હાલે જે સ્થિતિમાં ચલાવવામાં આવે છે તે પ્રજાકીય હિતના સામાન્ય સિધ્ધાનો સાથે સુસંગત નથી. કાચામાલનું Explitation અને તેનો સર્વથા નહિં તો ઘણે અંશે લાભ એ દેશમાં વસતી પ્રજાનેજ મળવો જોઇએ. એ તેનો હક્ક છે અને તે લાભ જનતાના હિતમાંજ વપરાવો જોઇએ. તેજ ન્યાયસર છે. હાલના સંજોગોમાં તેથી બીજી રીતે થઇ રહ્યું છે તે સામે નમ્ર પણે પણ આગ્રહ પૂર્વક મારો વાંધો જાહેર કરવાની જરૂર જોઉં છું.

આના અનુસંધાનમાં કચ્છને માટેની Public utility services જેવી કે–મોટર ટ્રાન્સપોર્ટ મોનોપલી, ઇલેકટ્રીક સપ્લાય વગેરેની પણ આજે કે ભવિષ્યમાં કોઇ વિચારણા થતી હોય તો તે માટે આ મારા વાંધાની નોંધ થવા વિનંતી કરૂં છું.

હું એમ ઇચ્છુ છું અને નમ્રતાપૂર્વક માંગણી કરૂં છું કે આવી સર્વીસીસની પેદાશના પણ સર્વલાભનો ઉપયોગ કચ્છી જનતાના હિતમાંજ જવો જોઇએ.

રાજકર્તાની લાગણી હોય અને રાજકર્મચારીઓનું વલણ પણ વિરૂદ્ધ ન હોય તે છતાં વ્યવહારમાં કે અમલમાં અસંતોષકારક પરિસ્થિતી હોય ત્યાં ઉપાય શો ?

આ વિચારશ્રેણીએ આગળ વધતાં મને તેના પ્રશ્નો પ્રત્યેના approach ની દ્રષ્ટિમાં દોષ લાગે છે અને તેથી મને લાગે છે કે તેના એ રાજકીય અધિકારો પ્રાપ્ત કર્યા વિના આ બધું યથાર્થ રીતે સિદ્ધ થવું શકય નથી.

મારાં કથનનાં સમર્થનમાં એ વસ્તુ પર ભાર મુકવાની હું જરૂર જોઉં છું કે ઉદ્યોગ વિકાસ કરવો હોય કે ખેતીનો વિકાસ કરવો હોય પરંતુ જ્યાં લગી કચ્છ રાજ્યની સરકાર કાયદાને આધીન ન હોય અને તે કાયદો-પ્રજાની ઇચ્છા અને સંમતિપૂર્વકનો ન હોય ત્યાં લગી કોઈ વિકાસ કોઇ સ્વરૂપે શકય બની શકે નહિ. ન તો કોઈ ખેડુત રાજીખુશીથી ખેતી કરવા સ્થાપિત થશે ન તો કોઇ ધનપતિ પોતાનાં નાણાં ખેતીમાં રોકવાનું મન કરશે. ન તો કોઈ ઉદ્યોગપતિ પોતાનાં નાણાં અને શક્તિ ઉદ્યોગમાં રોકવાની હીંમત કરશે એજ રીતે કેવળ સરકાર કાયદાને આધીન હોય એટલુંજ પુરતું નથી પરંતુ તેનું વહીવટી તંત્ર પ્રજાના ચુંટાયલા પ્રતિનીધી દ્વારા ચાલતું હોય એ પણ એટલુંજ આવશ્યક છે. રાજ્યનાં વહીવટી તંત્રો વિષે જ્યાં સુધી પૂરો વિશ્વાસ ન બેસે અને ખત્રી ન થાય ત્યાં લગી વસવાટ અને થાપણ બહારથી લાવવા મુશ્કેલ છે. જો પોલીસ તંત્ર જાનમલનાં રક્ષણને બદલે ભક્ષણ કરતું હોવાની લાગણી પ્રજામાં હોય-ન્યાયતંત્ર પ્રજાને રક્ષણ આપવાને માટે અશક્ત હોય-એક બાજુ પગારો વગેરેમાં વધુ પડતાં નાણાં વપરાતાં હોવા છતાં પ્રજાનાં શિક્ષણ, આરોગ્ય રક્ષણ અને મેડીકલ રીલીફ માટે પણ જો કંગાળ સગવડ રાખવામાં આવતી હોય તો તેવા સંયોગોમાં વિકાસની વાતો કેમ કરવી? અને આ બધું જો ખુદ રાજવીના ભલી લાગણી, ઇચ્છા અને અભિલાષ હોવા છતાં ચાલતું હોય તો જવાબદાર રાજતંત્ર વગર તેનો બીજો કોઇ ઇલાજ મને લાગતો નથી.

નાગરિક સ્વાતંત્ર્ય

નાગરિક સ્વાતંત્રને લાગે વળગે છે ત્યાં લગી આપણી સ્થિતિ અસહ્ય છે. કચ્છમાં છાપખાનું પણ થઇ શકતું નથી તો પછી વર્તમાન પત્રોને અવકાશ જ કયાંથી હોઇ શકે? આથી કચ્છને લગતાં વર્તમાન પત્રો કચ્છ બહારથી પ્રસિદ્ધ કરવા પડે છે. પરંતુ તેવા એક પછી એક નવ વર્તમાન પત્રોને કચ્છ રાજ્યે કચ્છમાં આવવાની પ્રવેશ બંધી કરી છે.

હાલમાં કચ્છનું પોલીસ તંત્ર એ નામનું પુસ્તક જપ્ત કરવામાં આવેલ છે. એટલુંજ નહિ પણ તેના લેખક ઉપર રાજદ્રોહનો આરોપ મૂકીને તેને પકડવામાં આવેલ છે. રાજદ્રોહને કચ્છમાં સ્થાન જ નથી. કચ્છી પ્રજામાં કોઇ રાજદ્રોહી છે જ નહિ. પણ આ પ્રવેશ બંધીઓ, પુસ્તક જપ્તી અને રાજ્યતંત્ર ઉપરની વ્યાજબી ટીકાઓ દાબી દેવાનું વલણ પ્રજાના લેખન સ્વાતંત્રના પ્રાથમિક અધિકાર ઉપર ગેરવ્યાજબી આક્રમણ રૂપ છે. આવી રીતે રાજતંત્રની વલણ અસંતોષ કારક હશે તો તેને લોકપ્રીય બનાવી શકશે નહિ. બલ્કે તેના પ્રત્યાઘાત રાજ્યને પ્રજા ઉભયના હિતમાં નથી. ના. મહારાવશ્રીએ જાહેર કરેલ સુધારાની ભાવનાને આવું વલણ સુસંગત નથી. વર્તમાન પત્રો, લેખન અને વાણી સ્વાતંત્ર એ પ્રજાજીવનના પ્રાણવાયુ છે. તેને રોકવાથી

KJ 515

ઉત્પન્ન થતો ગેસ પરિણામે સર્વને નુકશાન કારક છે. કોઇ પણ સુધારાની જાહેરાત ઉપરોક્ત પ્રતિબંધો ઉઠાવી લેવાની પ્રસ્તાવનાથીજ શરૂ થાય એજ સુધારાના આત્માની સાચી પીછાન છે.

બંધારણીય સુધારા

તા. ૪-૧૦-૪૫ ના દિવસે યુવરાજશ્રી મદનસિંહજીના જન્મદિન નિમિત્તે ભરેલા દરબારમાં ના. મહારાવશ્રીએ એક લાગણીમયું તથા વિચારપૂર્ણ ભાષણ કરી **કચ્છના રાજવહીવટમાં પ્રજાના અવાજને અસરકારક સ્થાન મળે એવા હેતુથી અમુક સુધારાઓની જાહેરાત કરી છે.**

આ જાહેરતમાં બંધારણીય સુધારા નીચે મુજબ છે.

૧ રાજસભા.

૨ સુધારેલા બંધારણવાળી નગરસભાઓ.

૩ ગ્રામ્ય પંચાયતો.

આ ત્રણે સંસ્થાઓ પ્રત્યેક તેના તેના ગુણદોષ નજરે વિચારવાની રહેશે અને તે પૈકી નગરસભાઓ અને ગ્રામ્ય પંચાયતોને રાજસભાના મતદારમંડળ (Electoral College) તરીકે યોજવામાં આવેલ છે એ દૃષ્ટિએ પણ રાજસભા સાથે સંબંધ ધરાવતી હોતાં જોવાનું રહેશે. રાજસભાના સભ્યો, નગરસભાઓ તથા ગ્રામ્યપંચાયતો મારફત ચૂંટાશે તથા વ્યાપારી હિતનું પ્રતિનિધિત્વ રહેશે. આમ ચૂંટણીનું ધોરણ પણ પરોક્ષ પ્રતિનિધિત્વ (Indirect representation) પર રચાયલું છે. રાજસભા કુલ ૩૩ સભ્યોની બનશે તેમાંથી ૧૭ ઉપર મુજબ પરોક્ષ પ્રતિનિધિત્વના ધોરણે ચૂંટાએલા અને ૧૬ અધિકારીઓ સહિત દરબાર નિયુક્ત રહેશે.

રાજસભા પોલીસ, રેવન્યુ, ઇરીગેશન, એજ્યુકેશન મેડીકલ ફંડ અને સીવીલ સપ્લાઇ વિષે પ્રશ્નો પૂછી શકશે અને એ ખાતાં સંબંધમાં ભલામણનાં સ્વરૂપમાં ઠરાવો કરી શકશે. અનામત વિષયો સિવાયની બાબતો વિષે બજેટ ઉપર ચર્ચા કરી શકશે અને ભલામણો કરી શકશે. કચ્છ સરકાર રાજસભામાં કાયદા વિષે ચર્ચા માટે દરખાસ્તો રજુ કરે. ઉપરાંત ત્રણ સ્ટેંડીંગ કમીટીઓ ઇરીગેશન, એજ્યુકેશન અને મેડીકલ ડીપાર્ટમેન્ટને સલાહ આપવા માટે કરવામાં આવશે.

આ રાજસભા સલાહ આપનારી સંસ્થા તરીકે જ જાહેર થયેલી હોતાં તેના ગુણદોષ સત્તાની દૃષ્ટિએ વિચારવાનું હું અત્યારે ઇરાદાપૂર્વક છોડી દઉં છું.

નગરસભાઓનું સુધારેલું બંધારણ અત્યાર પહેલાં જાહેર થઇ ચૂક્યું છે.

કચ્છની હકુમત નીચેના વિભાગોની ૮૩ ગ્રામ્ય પંચાયતો રચવામાં આવશે અને તે ગામડાઓના ઘણુ અને રેવન્યુ પટેલો ઉપરાંત સરખી સંખ્યાના રાજનિયુક્ત અને ચુંટાયલા સભ્યોની બનશે.

રાજ સભાનું પ્રતિનિધિત્વ ગ્રામ્ય પંચાયતો અને નગર સભાઓ મારફત છે તે બન્ને રાજસભાનાં મતદાર મંડળ તરીકે સંતોષકારક નથી. પરંતુ ગ્રામ્ય પંચાયતોની રચના એ મતદાર મંડળ તરીકે સર્વથા અસ્વીકાર્ય બને એવી છે. કારણ કે ૮૩ ગ્રામ્ય પંચાયતો નીચે

૪ ગામો લેખવામાં આવે તો ૩૩૨ ગામોના ૩૩૨ પટેલો અને ઉદાર અર્થ કરીએ તો ૩૩૨ રાજનિયુક્ત અને ૩૩૨ ચૂંટાએલા સભ્યો થાય એટલે ૧૦૭૯ મતદારોમાંથી ૭૪૭ દરબાર નિયુક્ત અને દરબારના એજંટ જેવા સભ્યો હશે. અને જે ૩૩૨ ચુંટાએલા હશે તે ઘણી અસર નીચેના જ હશે એમ સહેલાઈથી માની શકાય. ઉમેદવારો પણ ઉપરોક્ત ૧૦૭૯ સજ્જનોમાંથી આવી શકશે. આ રીતે જે ૧૧ સભ્યો રાજસભા માટે ગ્રામ્ય વિસ્તારમાંથી પ્રતિનિધિ તરીકે મોકલાશે તેને પ્રજાકીય પ્રતિનિધિત્વ તરીકે સ્વીકારવું મુશ્કેલ બને એમ છે.

નગરસભાદ્વારા થનારૂં પ્રતિનિધિત્વ પણ એજ રીતે જોઈ શકાય. એટલે ઉપરોક્ત ત્રણ પ્રશ્નોની દૃષ્ટિએ એ રાજસભા પ્રજાનો અસરકારક કે સાચો અવાજ રજુ કરી શકે અગર જવાબદાર રાજતંત્રને માર્ગે તે દ્વારા આગળ વધી શકાય અને પ્રજાની હાડમારીઓ કમી કરાવવામાં અસરકારક રીતે ઉપયોગી થાય એમ માનવું મુશ્કેલ છે.

નગરસભાનું સુધરેલું બંધારણ ગુણદોષ પર જોતાં સર્વથા સંતોષકારક નથી પરંતુ શહેરી જનતાની સેવા માટે તેનો ઉપયોગ કરવા માટે સ્વીકાર્ય નહિં તો સહન કરી લેવા જેવું અને ઉપયોગ કરવા જેવું તો છ એમ મારો અભિપ્રાય છે.

ગ્રામ્ય પંચયતોની રચના તો ખરેખર આ પ્રશ્ન ગંભીર ન હોત તો હસવા સરખી હદે આડે માર્ગે દોરવનારી છે. ગ્રામ્યજનતાનાં હિતની દૃષ્ટિએ ગ્રામ્યજીવન ઉપર પ્રભુઓ અને પટેલોનું હાલમાં ઘટતું જતું વર્ચસ્વ આ બંધારણથી લોકશાસનનાં પગલાંની પ્રતિષ્ઠા પામી વધુ ભયભરેલું થવાનો સંભવ રહે છે. એ ગ્રામ્ય પંચાયતોની ચુંટણી કરનારૂં મતદાર મંડળ કેવું હશે તે વિષે જાહેરાતમાં જણાવવામાં આવ્યું નથી. પરંતુ તે વિગતોની પૂરવણી તરીકે પાછળ ઉપર રાખવામાં આવેલ છે. પરંતુ એ દેખીતું છે કે ચુંટાએલા અને દરબારનિયુક્ત સભ્યોનું પ્રમાણ બીનજરૂરી રીતે અયોગ્ય છે. દરબારનિયુક્ત સભ્યોની જરૂર શા માટે માનવામાં આવતી હશે એ સમજાતું નથી. પ્રભુઓની દરમ્યાનગીરી અસહ્ય છે.

આવા સંયોગોમાં ગ્રામ્યપંચાયતોનું આ બંધારણ ગ્રામ્યજનતાના ઉપયોગમાં હોય એમ પંચાયતોના ગુણદોષ ઉપરથી માનવું મુશ્કેલ છે.

આ સુધારાઓની ઉપર પ્રમાણેની સમીક્ષાની નજરે તે અસંતોષકારક અને અપૂર્ણ જણાય છે. તથા તે નામદાર મહારાઓશ્રીએ જાહેર કર્યા પ્રમાણે પ્રજાનો અસરકારક અવાજ રજતંત્રમાં આમેજ કરવાની ભાવનાને સફળ કરી શકે એવા લાગતા નથી. એથી તે કાયમ રહે તો તે સ્વીકરવાની પ્રજાને હું ભલામણ કરી શકું એવી સ્થિતિમાં નથી, એમ જાહેર કરતાં મને દીલગીરી થાય છે.

સાફ દાનત અને સાચા સદ્ભાવથી પ્રમાણીક પ્રયત્નો થાય તો સુધારાઓની બધી ખામીઓ દૂર કરી શકાય અને પ્રજાનો અસરકારક અવાજ આમેજ કરવાની ભાવના સફળ થઈ શકે એવી મારી માન્યતા છે.

જાહેર થયેલા બંધારણીય સુધારાઓનો આ વ્યાજબી સાર છે એમ હું માનું છું. આ જાહેરાત પાછળ સરકારના રાજદ્વારી ખાતાનું દબાણ છે, કે પ્રજાની વધતી આંકાક્ષાઓને સંતો-

KJ 516

પવાનો પ્રયત્ન છે અગર તો રાજ્ય અને પ્રજા બંનેના હિતો માટે તેની જરૂર સ્વીકારી, કશી પણ બ્હારની અસર વગરનો દેખાડાયલો સદ્ભાવ છે એ ની લાંબી ચર્ચામાં હું અહિં ઉતરવા માંગતો નથી. એવી ચર્ચાની કશી જરૂર નથી તેમજ તેનું કોઇ જાણવાજોગ પરિણામ પણ નથી. અંગત રીતે તો, ના. મહારાવશ્રીના સદ્ભાવના પરિણામ રૂપે પણ આ જાહેરાતને સ્વીકારવા હું તૈયાર છું.

આથી આ સુધારાઓની સમીક્ષા કરતી વખતે સંપૂર્ણ સહકારની વૃત્તિ અને સહાનુભૂતિનો ભાવ કાયમ રાખવા મારી હાર્દિક અભિલાષા છે અને ના. મહારાવશ્રીના સદ્ભાવની નજરે એ નામદારનો આપણી આ વૃત્તિ અને ભાવ ઉપર અધિકાર છે.

કચ્છી પરિષદે બંધારણીય દૃષ્ટિએ પોતાની બધી પ્રવૃત્તિનું ધ્યેય જવાબદાર રાજતંત્ર હોવાનું નક્કી કર્યું છે અને પોતાની દરેક બેઠકમાં તે માટે યોગ્ય ઠરાવો કરેલ છે. બ્રિટીશ હિંદની પ્રવૃતિની નકલ તરીકે આ ધ્યેય સ્વીકારવામાં આવ્યું નથી. બ્રિટીશ હિંદમાં તો રાજ્ય અને પ્રજા વચ્ચે પરસ્પર હિતોની મોટી અથડામણ છે જ્યારે રિયાસતોમાં રાજ્ય અને પ્રજા વચ્ચે હિત-વિરોધનો કશો ઉગ્ર પ્રશ્ન જ નથી. પ્રજાની અસ્મિતા, નૈતિક વિકાસ (Moral Stature) અને ભૌતિક પ્રગતિ જવાબદાર રાજતંત્રની જરૂરીયાત અને માંગ વધુ અને વધુ તિવ્ર બનાવી રહી છે. આ માંગ સંતોષવાથી આપણા રાજવીઓએ કશું પણ ગુમાવવાનું નથી પરંતુ ઉલટું પોતાનું સુખ, પ્રજાની આબાદી અને સંતોષ તેમજ પોતાના પ્રદેશનો દરેક પ્રકારનો સંગીન વિકાસ મેળવવાના છે. પ્રજા આ સમજીને જ મંથન કરે છે. આપણા રાજવીઓ જ્યારે આ વાત સમજશે ત્યારે પ્રજાને તે માટે મંથનો, લડતો કે ઉજાગરા કરવાના રહેશે નહિ.

આથી બંધારણીય દૃષ્ટિએ તો આ સુધારા કચ્છી પ્રજાને જવાબદાર રાજતંત્રના માર્ગે ક્યાં સુધી લઇ જાય છે અગર ભવિષ્યમાં લઇ જવાની તેની શક્યતા છે એ ધોરણે જ આપણે સમીક્ષા કરી શકીએ.

રાજવહીવટમાં પ્રજાનો અસરકારક અવાજ હોવો જોઇએ એ વસ્તુનો ના. મહારાવશ્રીએ સ્વીકાર કર્યો છે એટલુંજ નહિં પણ પોતે જે સુધારા જાહેર કર્યા છે એથી એવો અસરકારક અવાજ રહી શકશે એમ માની લીધું છે. એ વાત આવકારદાયક છે. એમની આ માન્યતા પ્રમાણિક છે એ આપણે કબુલ કરીને જ ચાલવું વ્યાજબી છે. આથી જો એ નામદારને એવી ખાત્રી કરાવી શકીએ કે જે સુધારા આપ્યા છે તે તેમણે જાહેર કરેલા હેતુ પ્રમાણે અસરકારક અવાજ રાખવાનો હેતુ સરી શકે તેમ નથી તો તે નામદાર સુધારાઓમાં ઘટતા ફેરફારો કરી પ્રજાના અવાજને અસરકારક બનાવવાના વ્યવહારૂ પગલાં લેવાની વાત સહજ સ્વીકારશે એમ આશા રાખી શકાય. આટલું થાય તો પણ જવાબદાર રાજતંત્રના માર્ગે આપણે પડયા છીએ એમ તો ન કહી શકાય પરંતુ કેટલોયે પ્રમાણિક પ્રયત્ન કરતાં પણ, આ સુધારાઓમાં પ્રજાના અસરકારક અવાજને સ્થાન મળે એમ મને દેખાતું નથી. એટલે રાજસભાને લાગે વળગે છે ત્યાં લગી એ ત્રણે પ્રશ્નોના જવાબ મને સંતોષ કારક જણાતા નથી.

ચુંટાયલા સભ્યો ૧૭ છે અને એમની રાજસભામાં એકની બહુમતિ છે એ આ સુધારાઓનું આકર્ષણ માનવામાં આવતું હોય. પરંતુ હકીકતમાં એ આકર્ષણ ઠગારૂં છે. ચુંટાયલા

સભ્યોમાં જે મતદાર મંડળમાંથી ચુંટાયા છે તે ખરેખર પ્રજાના સાચા પ્રતિનીધિ હશે એ માનવું પણ મુશ્કેલ પડે તેમ છે.

ઉપસંહાર

અંતમાં બંધુઓ મેં આપનો પુષ્કળ સમય લીધો છે. અત્યારની આખાયે પરિસ્થિતિ જેમ મને સમજાઈ છે તેમ આપની પાસે પ્રમાણિકરીતે રજુ કરવા મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે.

કચ્છમાં સ્થાનિક કાર્યકરો સમક્ષ પુષ્કળ કાર્ય પડયું છે. આમ જનતાની ભયંકર ગરીબાઇ, તંદુરસ્તીનું ખૂબ નીચું ધોરણ અને વૈદકીય મદદના ટુંકા સાધનો, જીવન નિર્વાહના સાધનોનો અભાવ, ખેતીની દુર્દશા, ઉદ્યોગોની ખામી, શિક્ષણમાં પછાત સ્થિતિ અને નિરક્ષરતા આ બધા પ્રશ્નો સાથે રાજ્યતંત્રની શિથિલતાને લીધે ખમવી પડતી અનેકવિધ હાડમારીઓના નિવારણની અતિશય મુશ્કેલ સમસ્યાઓ ઉભી છે અને આ બધાના ઉકેલ માટે સેવા અને આત્મભોગનો રચનાત્મક કાર્યક્રમ યોજવા સિવાય આપણો આરો નથી. આપણે પરિષદનું સંપૂર્ણ સંગઠન કરી તેનો સંદેશો કચ્છના ગામેગામ પહોંચાડવાનો છે; કાર્યકરોને સંગઠિત કરવાના છે અને પરસ્પર અવિશ્વાસ અને ગેરસમજણો હોય તો તે ટાળી એક અને સમાન હેતુ માટે ખભેખભા મિલાવી આપણા જાહેર જીવનની ભૂમિકા સાફ અને તંદુરસ્ત બનાવવાની છે. આથી મારા સર્વે કાર્યકરો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને કચ્છની સમસ્ત જનતાને પરિષદને સંગઠિત કરી તેના સેવાના કાર્યમાં દરેક પ્રકારની મદદ આપવા વિનંતિ છે.

ના. મહારાવશ્રીને એક વિનંતિ કરી લઉં તો અસ્થાને નહિંજ ગણાય. હું સ્પષ્ટ રીતે પ્રતિયોગી સહકાર (Responsive Co-operation) નીતિમાં માનું છું. ધર્મ ઉભો થાય તો જ ન છુટકે અસહકાર કે વિરોધના માર્ગો લેવા પડે તેથી કોઇપણ પ્રકારના પૂર્વગ્રહો વગર વિશ્વાસનું તેમજ સહકારનું વાતાવરણ જમાવવા એમને મારું આમંત્રણ અને વિનંતિ છે. પ્રજાને સંપૂર્ણ વિશ્વાસમાં લેવાથી જ પરસ્પર વિશ્વાસ અને શ્રદ્ધાની ભૂમિકા તૈયાર થશે. કચ્છની પ્રજાને જવાબદાર રાજતંત્રની પ્રાપ્તિ ઓછામાં ઓછા પ્રયત્ન અને મંથનથી ના. મહારાવશ્રીના હાથે થાય એવી મારી પ્રાર્થના છે અને તે દિશામાંજ મારા હંમેશ પ્રયત્નો રહેશે.

કચ્છમાં કાયદાનું સામ્રાજ્ય પ્રવર્તે–શિક્ષણ, તંદુરસ્તી હુન્નર ઉદ્યોગ ખેતી કળા આદિના વિકાસ પાછળ રાજ્ય અને પ્રજાના સાધનોના સુમેળથી અને સમજ પૂર્વકના સહકારથી વ્યય થાય–આ અને આવા સહકારના કાર્યોમાંથી વિશ્વાસ અને શ્રધ્ધાની ભૂમિકા તૈયાર થઇ શકે અને પ્રજાને જરાપણ લડતના ત્રાસમાંથી પસાર થયા વગર જવાબદાર રાજતંત્રની ભવ્ય ઇમારત ચણવાનું ભાગ્ય પ્રાપ્ત થાય એવી મારી ભાવના છે અને પ્રભુપાસે પ્રાર્થના છે.

અંતમાં, ફરી એકવાર શિસ્ત, સેવા અને આત્મભોગથી સંગઠિત થઇ જવાબદાર રાજતંત્રની ઇમારત ઉભી કરવા મારી આપ સર્વેને વિનંતી છે.

મને શાન્તિથી આટલો લાંબો વખત સાંભળવા માટે આપનો આભાર માનું છું.

ઇત્યલમ

KJ 517

કોટડા - કચ્છ તા- ૩૦-૬-૪૯-

સંવત - ૨૦૦૫ - ના માસ મે - નો પગાર
રૂા- ૫૦ પોતાઈ રોકડા માસ જુન નો
પગાર રૂા-૫૦ પોતાઈ રોકડા
સોની સાંઢા વજુર દેવકરણની સહિ
દઃ પોતાના પગાર ની પહોંચ

કોટડા તા ૩૦-૬-૪૯

આ પોતાના હાથ આજે લખી આપનારો
કડવા કણબી નો પગાર માહારે એ ના
માસ મે તથા જુન નો મલ રૂ. ૧૦૦/
અંકે સો રોકડા પોતાને લેખે આપ્યા
એ લખી આપ્યો છે તા ૩૦-૬-૪૯

દઃ સોની સાંઢા વજુર દેવકરણની
સહિ-દઃ પોતાના-

કોટડા - તા-૩૦-૬-૪૯

A

KJ 518

શ્રીમાન સા. પાટીદાર સમાજ હા. નાથુ ભાઈ અને [illegible] ભાઈ પટેલ

આથી લખી આપવામાં આવે છે કે સને-સપ્ટ
ના માહે મેં આપને જુન માસ ના પગાર ના રૂ. ૬૦) અંકે સાઠ
માસિક રૂ. ૩૦) અંકે ત્રીસ લેખે બે માસ ના પગાર ના રૂ.
અમને મળી ગયા છે. જેની આ પહોંચ આપવામાં આવે છે.

સહી

લિ. [illegible] રઘુનાથ ભટ્ટ
દા. પોતાના.

[illegible] કોટડા.
તા. ૨૨ દિ.
સા.વ.૬ જુલૈ/૨૦[illegible]

ભાઈ [illegible] શામજી ના - [illegible] ઉપર KJ 619

૩૭૫ કો. વિશરામ - શામજી - [illegible]

૨૫૨ કો. [illegible]

૨૫ કો. [illegible]

૫૨ કો. [illegible]

૨૦૦ [redacted] કો. [illegible]

૫૨ કો. રાજુ [illegible]

૨૫૦ કો. રાજુ [illegible]

૨૫૦ કો. રાજુ [illegible]

૨૫ કો. રાજુ [illegible]

૫ કો. [illegible]

૨૭ કો. [illegible]

૨૦ કો. [illegible]

૧૦ કો. [illegible]

૨૫ કો. [illegible]

૨૫ કો. [illegible]

૨૫ કો. [illegible]

૨૦ કો. [illegible]

૨૦ કો. [illegible]

૨૫૦ કો. [illegible]

૨૨૦૫।।

૧૮૦૨॥૩
૨૯૯)૩

૨૧૦૨

૧૫૧૭)૩
૧૩૬૨૫

૨૮૭૮॥૩
૨૧૦૨

૦૭૭૭॥૩
૫૫૦
રોકડ ૨૨૭॥૩

૨૫૦૦)

૧૫૦) નિર્મળરામભા
૧૫૦) કેશરા
૧૦૦) રતનશી
૧૦૦) રામજીભા—
[illegible]) કરમશી

૫૫૦
૨૨૭॥૩ રોકડ હાથે

૭૭૭॥૩

૧૫૦ ૧૫૦) કો. કેશરા
૩૫૦ ૫૦) કો: નિર્મળ
૨૦૦ ૧૦૦) કો. રામજીભા
૩૫૦ ૩૫૦) કો. રતનશી
૨૫૦ ૩૫૦) કો કરમશી

૨૫૦૦

300

૩૨
૮॥

૪૩॥
૪૮॥

૭૨॥

KJ 520

પટેલ પ્રેમજીભાઇ પુંજાભાઇ

અનાજ રસકસ તથા કાપડના વેપારી.

કચ્છ કોટડા જાડોદર

તા૦ ૪-૮-૫૦

શ્રી કોટડા પાટીદાર સમાજ નામાંનો સં. ૨૦૦૭

૪૩૭ ~~ખાતાવહી [illegible] ના~~
રૂપિયા [illegible] ૪૩૭
આસામી [illegible]
હા. પંચ [illegible]
[illegible]

૪૩૭
૦૨ ~~[illegible]~~

૪૩૭૩

૩૨૫ ~~[illegible]~~
ના [illegible]
[illegible]

૪૬૬૫॥૨

૩૩૭૩ ~~સં. ૨૦૦૬ના [illegible]~~
સં. ૨૦૦૭ના ખાતાવહી
રૂપિયા ના. [illegible]
[illegible] ના. [illegible] ૩૨ [illegible]
[illegible]
(૨૦૦) ~~રૂપિયા [illegible]~~
[illegible]
[illegible]

૩૨૫ ~~શ્રી [illegible]~~
[illegible] ૩૩૭૩
[illegible] ૩૨૫
[illegible]
[illegible] ૩૨ [illegible]

૪૬૬૫॥૨

[illegible] ૩૩૭ [illegible]
સં. ૨૦૦૭ના ખાતાવહી [illegible]
[illegible]

૯૦ ૬૪।–
૯૨ ૩૪।=
૫૪૦॥≡

૧ પટેલ અરજણ ગોપાલ ભારાપર.
૨ પટેલ દેવશી પ્રેમજી રાયણ
૩ પટેલ નારાયણ મેઘજી કોટડા
૪ પટેલ વાલજી પ્રેમજી વરાચડર
૫ પટેલ કરસન શામજી કોટડા ગુરૂજી
વાળા
૬ પટેલ લાલજી ભાઈ કરસનભાઈ કોટડા
ગુરૂવાળા
૭ પટેલ કાનજી ગોપાલ વિરાણી રામપુર
૮ પટેલ અરજણ ભાઈ કાનજી ઓસોઈ
૯ પટેલ નાનજીભાઈ કેશરા કોટડા જ.
૧૦ પટેલ ખેતશી ભાઈ પ્રેમજી લોડાઈ
૧૧ પટેલ રામજીભાઈ વસતા ગઢશીશા
૧૨ પટેલ ખેતા રામજી મુ. આંગીયા
૧૩ પટેલ કરસન મુળજી મુ. ધાનેટી
૧૪ પટેલ લધા ભાઈ નાથજી ખોંભડી
૧૫ પટેલ કાનજીભાઈ અરજણ રસલીયા
૧૬ પટેલ કાનજી મુળજી મુ. રતડીયા.
૧૭ પટેલ માવજી નાનજી મુ. ઉંખેડા.
૧૮ પટેલ નાથુભાઈ પ્રેમજી મોટીવિરાણી
૧૯ પટેલ [illegible] લધા મુ. દેવીસર
૨૦ પટેલ દેવશી કાનજી મુ. દેવપુર
૨૧ પટેલ નાનજી વસતા મુ. દેશલપુર.
૨૨ પટેલ ડૉ. જી. વી. મુ. ખોંભડી.
૨૩ પટેલ રામજી કેશરા મુ. નખત્રાણા
૨૪ પટેલ કાનજી અરજણ મુ. નખત્રાણા
૨૫ પટેલ લધા નાનજી મુ. રામપર
૨૬ પટેલ [illegible] ભાઈ દાનજી મુ. કાદીયા
૨૭ પટેલ વાલજી દાના મુ. ધારેશી
૨૮ પટેલ ધનાલા રામજી મુ. દયાપુર
૨૯ પટેલ પચાણ રામજી મુ. વિરાણીયા
૩૦ પટેલ રામજી વસતા મુ. દયાપુર
૩૦ પટેલ નાથુ દેવશી મુ. વાલ્કા.
૩૧ પટેલ નાથુ ખીમજી મુ. મંગવાણ
૩૨ પટેલ રામજી પરબત નાગલપર.

KJ 521